RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 292* Date: 19.08.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ઉપરવાસના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમમાંથી સતત પાણી છોડાતા નર્મદા ડેમની આવક વધી



## ગોરા ઘાટ ડૂબ્યો, ડેમમાંથી ૫ લાખ ૬૦ હજાર ક્યૂસેક પાણીની જાવક થઈ રહી છે. હાલ ડેમના તમામ પાવર હાઉસ ચાલુ છે.

કેવડિયા,તા.૧૮

ઉપરવાસના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમમાંથી સતત પાણી છોડાતા નર્મદા ડેમની આવક વધી છે. નર્મદા ડેમની સપાટી વધીને ૧૩૫.૨૦ મીટર થઈ છે. નર્મદા ડેમમાં આજે ૭ લાખ ૪૫ હજાર ક્યૂસેક પાણીની આવક થઈ છે. ડેમના ૨૩ દરવાજા ૩.૫ મીટર ખોલીને પાણી છોડાઈ રહ્યું છે. આ ડેમના ચાર દિવસથી દરવાજા ખુલ્લા કરાયા છે. જેમાંથી ડેમમાંથી ડેમમાંથી ૫ લાખ ૬૦ હજાર ક્યૂસેક પાણીની જાવક થઈ રહી છે. હાલ ડેમના તમામ પાવર હાઉસ ચાલુ છે. ડેમમાં લાઈવ સ્ટોકની સ્થિતિ પર નજર નાંખીએ તો, ૪૫૦૮.૬ સ્ક્વેર પાણીનો કુલ જથ્થો છે.

નર્મદા ડેમથી ૧૨ કિમિ દૂર ગરુડેશ્વર ગામ પાસે બનાવવામાં આવેલો વિયર ડેમ હાલ છલોછલ ભરાઇ ગયો છે. કેવડિયા નજીક ગોરા ગામના નર્મદા કિનારે ૧૫ કરોડના ખર્ચે નર્મદા ઘાટનું નિર્માણ કરાયું છે. જે ઘાટ પર નર્મદા આરતી પણ થતી હતી. હાલ આ ઘાટ પણ પાણીની આવકને કારણે ડૂબી ગયો છે. સરદાર સરોવર નર્મદા બંધના ૨૩ ગેટ ખોલી હાલ ૫.૬૨ લાખ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવતા નર્મદા નદી બે કાંઠે વહી રહી છે.

જેમાં ગોરા ઘાટ પણ ડૂબી ગયો છે. ત્યારે ગરુડેશ્વર ખાતે બનાવવામાં આવેલા વિયર ડેમ કમ કોઝવે ૫ મીટરથી વધુ સપાટીએ પહોંચતા હાલ ૫ મીટરથી ઓવરફ્લો થઈ રહ્યો છે. નોંધનીય છે કે, આ નર્મદા ઘાટ પર ૧૭મી સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નર્મદા આરતીનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. હરિદ્વાર અને વારાણસીમાં થતી આરતીઓ જેવી આરતી નર્મદા ઘાટે રોજ કરવામાં આવે છે. જે જોવા અને ત્યાં આવેલા મહાદેવના મંદિરે પ્રવાસીઓ આવી રહ્યાં છે.

ધરોઈ ડેમમાંથી છોડવામાં આવેલ પાણી ગુરુવારે સવારે નવ વાગ્યાની આસપાસ અમદાવાદ સુભાષબ્રિજ સુધી પહોંચવાની શકયતા છે. જેના ભાગરૂપે રિવરફ્રન્ટનો વોક વે જનતા માટે બંધ કરાયો છે. સાબરમતીમાં પાણીની સપાટી વધવાની સંભાવનાને પગલે અમદાવાદના નદી કાંઠાના વિસ્તારો તથા ધોળકા તાલુકાના સાત ગામોના નાગરિકોને નદી કિનારે નહીં જવાની સૂચના આપવામાં આવી છે.

અમદાવાદમાં છેલ્લા થોડા દિવસથી વરસાદી માહોલ છવાયો છે. નર્મદા કેનાલ, સંત સરોવર અને ધરોઈ ડેમમાંથી કુલ ૭૬૪૦૦ ક્યુસેક પાણી સાબરમતીમાં છોડાયું છે. આથી સાબરમતી નદીમાં ધસમસ્તા પાણીનો પ્રવાહ જોવા મળી રહ્યા છે. આ સાથે વાસણા બેરેજના ૨૪ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. વોકવે પર પાણી ભરાવાની સંભાવનાને પગલે સામાન્ય નાગરિક તેમજ કોઈપણ વ્યક્તિની અવરજવર ત્યાં બંધ કરી દેવામાં આવી છે. આજે સવારે ૮.૫૦ કલાકેથી લાકોડા વીઅરનું જળ સ્તર ૮૧.૨૦ મીટર છે. હાલમાં લાકોડા વીઅરની નીચેવાસમાં ૭૬૪૦૦ ક્યુસેક્સ પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવી રહેલ છે. આજે સવારે સંત સરોવર, વાસણા બેરેજ અને ધરોઈ ડેમની જળસપાટીની સ્થિતિ આ પ્રમાણે છે. લોકડા વીઅરની હાલની જળ સપાટી ૮૧.૨૦ મીટર છે. જેના કારણે ૮ મોટા અને ૬૩ નાના ગેટ ખોલવામાં આવ્યા છે. જ્યારે ૭૬૪૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ સાથે વાસણા બેરેજની હાલની સપાટી ૧૨૭ ફૂટ થઈ છે. જેના ૨૪ ગેટ ખોલવામાં આવ્યા છે. સાબરમતી નદીમાં છોડવામાં આવી રહેલું પાણી ૨૧૬૩૦ છે. ધરોઈ ડેમની આજની સપાટી ૧૮૮.૬૮ મીટર નોંધવામાં આવી છે. જેના ૪ ગેટ ખોલવામાં આવ્યા છે. સંત સરોવરની આજની સપાટી ૫૧ મીટર નોંધાઈ છે. આ સાથે આ સરોવરના બધા જ ગેટ ફ્રી ફ્લોમાં ખોલવામાં આવ્યા છે. સાબરમતી નદીમાં ૨૦૯૩૮ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે.સુરત જિલ્લાની વાત કરીએ તો ધોધમાર વરસાદે તો જિલ્લાની શહેરની સુરત બગાડી નાખી છે. સુરતમાં ખાડીપુરના કારણે સોસાયટીઓમાં આવેલા મકાનોમાં ફસાયેલા લોકોનું ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે. પર્વત પાટિયા વિસ્તારમાં આવેલી ગીતા નગર શાંતિકુંજ અને વિધાતા ટાઉનશિપમાંથી લોકોનું ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યુ કરાયું છે. લોકોના ઘરોમાં પાંચથી છ ફૂટ પાણી ભરાઈ જતા લોકોની હાલાકી વધી છે.

સુરત શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ખાડી પૂરની સમસ્યાનો લોકો સામનો કરી રહ્યા છે. ત્યારે આજે પણ ખાડીનું લેવલ વધતા ખાડી પૂરના પાણી અનેક વિસ્તારોમાં ફરી વળ્યા છે. ગતરોજ જે ખાડી પૂરના પાણી માત્ર પર્વત ગામ સીમિત હતા તે ખાડી પૂરના પાણી આજે પર્વત પાટિયા વિસ્તારમાં આવેલી અલગ અલગ સોસાયટીઓમાં ફરી વળ્યા છે.

# રાજ્ય સરકારના ૧૯ નેતાઓની સંપત્તિને લઈ દાખલ જનહિત અરજીમાં પક્ષકાર થવાના આદેશ આપ્યો

## મંત્રીઓ અને નેતાઓમાં એ વાતને લઈ ચિંતા છે કે ઈડીના નિશાન પર આગામી નેતા કોણ છે

કોલકતા,તા.૧૮

પશ્ચિમ બંગાળની સત્તારૂઢ પક્ષના નેતાઓ પર ભ્રષ્ટ્રાચારને લઈ ખતરો વધી રહ્યો છે.પહેલા પૂર્વ શિક્ષણ મંત્રી પાર્થ ચેટર્જીની ધરપકડ થઈ ત્યારબાર વીરભૂમ ટીએમસી અધ્યક્ષ અનુબ્રત મંડલ કહેવાતી રીતે પશુ તસ્કરીના આરોપમાં ઘેરાયા આથી રાજયના નેતાઓમાં ખલબલી મચી ગઈ છે.

આ દરમિયાન કોલકતા હાઈકોર્ટે ઈડીને રાજ્ય સરકારના ૧૯ નેતાઓની સંપત્તિને લઈ દાખલ જનહિત અરજીમાં પક્ષકાર થવાના આદેશ આપ્યા છે.ખાસ વાત એ છે કે આ ૧૯ નેતાઓમાં સાત તો વર્તમાન કેબિનેટ મંત્રી છે.મંત્રીઓ અને નેતાઓમાં એ વાતને લઈ ચિંતા છે કે ઈડીના નિશાન પર આગામી નેતા કોણ છે.

મેયર ફિરહાદ હકીમ,અરૂપ રોય અને જયોતિપ્રિયા મલિકે કોલકતા હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ પ્રકાશ શ્રીવાસ્તવ અને ન્યાયમૂર્તિ રાજર્ષિ ભારદ્વાજની ખંડપીઠની સામે એક અરજી દાખલ કરી સંપત્તિથી જોડાયેલ એક મામલાને ઈડીથી પાછો લેવાની વિનંતી કરી હતી હાલ મામલાની સુનાવણી ૧૨ સપ્ટેમ્બરે યોજાય તેવી સંભાવના છે.

હકીમે એક પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે મને તપાસથી ભય નથી તમામનું સામાજિક સમ્માન છે તે સામાજિક સમ્માનને ગુમાવવાથી દરેક કોઈ ડરે છે જેલ જવાનો ડર નથી બંગાળના અનેક નેતા જેલમાં હતાં પરંતુ માર્ગ અને મીડિયાના કંગારૂ કોર્ટ પર જે રીતે આ ખેલ થઈ રહ્યો છે તેનાથી તમામને ચિંતા છે.

બાંકુડાના બિશુપુરથી સાંસદ સૌમિત્ર ખાને એક યાદીમાં કહ્યું કે ટીએમસી પ્રવકતા કૃણાલ ધોષે કેન્દ્રીય શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની સાથે બેઠક કરી આ દરમિયાન કૃણાસની સાથે સત્તા પક્ષના અનેક લોકો બહાર પોતાના નેતાઓની બાબતમાં માહિતી આપી રહ્યાં હતાં જો કે ધોષે સૈમિત્રના આરોપોને ફગાવી દીધા હતા 'બીજીબાજુ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદારે કહ્યું કે ટીએમસી નબળી થઈ ગઈ છે.ધોષ જયારે જેલમાં હતાં ત્યારે પાર્થ ચેટર્જીએ ખુબ વાતો કહી હતી હવે પાર્થ ચેટર્જી જેલમાં છે તો કૃણાલ ધોષ બોલી રહ્યાં છે પાર્ટીની અંદર લડાઈ છે.

મુખ્યમંત્રી અને ટીએમસીના પ્રમુખ મમતા બેનર્જીએ એક કાર્યક્રમમાં કહ્યું હતું કો જો ઈડી અને કેન્દ્રીય તપાસ બ્યુરો(સીબીઆઈ) કાલે મારા ઘરે આવશે તો શું કરીએ શું તમે માર્ગો ઉપર નિકળી શકો છે શું તમે લોકતાંત્રિક રીતે આગળ વધી શકો છે હું મારી લડાઈ લડીશ પરંતુ તમારે પણ લડવું પડશે

તેમના આ નિવેદન બાદ ભાજપના અખિલ ભારતીય ઉપાધ્યક્ષ દિલીપ ધોષે ટીપ્પણી કરી કે પહેલા બેનર્જીએ કહ્યું હતું કે કૃણાલ ચોર છે,પાર્થ ચોર છે અને મદન ચોર છે.તેમણે મુકુલનું નામ પણ લખ્યું.તમામની ધરપકડ કરી લેવામાં આવે હવે તે પોતાનું નામ બતાવી રહ્યાં છે મને લાગે છે કે આ એ વાતની સંભાવના છે કે ઈડી તેમને બોલાવી શકે છે.

# યુપીમાં અન્નદાતા વરસાદની રાહ જોવામાં બેહાલ થયા વરસાદ ન થવાને કારણે અનેક જીલ્લામાં કિસાનોના ખેતરોમાં તિરાડો પડી ચુકી છે



લખનૌ,તા.૧૮

ઓગષ્ટ મહીનો અડધો પુરી થઈ ગયો છે પરંતુ ઉત્તરપ્રદેશના અનેક જીલ્લામાં હજુ પણ આશા અનુસાર વરસાદ થયો નથી ઓછા વરસાદને કારણે અનાજનો પાક બરબાદ થવાને આરે છે.પૂર્વાચલ સહિત પ્રદેશના અનેક જીલ્લામાં દુષ્કાળનવી સ્થિતિ જોવા મળી રહી છે ચંદૌલીથી લઈ આઝમગઢ,ગોરખપુર,દેવરિયા બલિયા રાયબરેલી અને સુલ્તાનપુર સુધીના કિસાન સારો વરસાદ ન થવાના કારણે પરેશાન છે.

સારો વરસાદ ન થવાને કારણે ગોરખપુર જનપદ કિસાનોના ચહેરા પર નિરાશા સ્પષ્ટ જોવા મળી રહી છે ખેતરોમાં તિરાડ પડી ચુકી છે જીલ્લા કૃષિ અધિકારીએ કહ્યું કે જો આગળ પણ મોસમ આવું જ રહ્યું તે જનપદ દુષ્કાળગ્રસ્ત જાહેર થઈ શકે છે. અત્યાર સુધી ફકત ૫૬ ટકા જ વરસાદ થયો છે.કિસાનોનું કહેવુ છે કે જો હજુ પણ એક બે દિવસમાં વરસાદ થાય તો સ્થિતિ સંભાળી શકાય તેમ છે નહીં તો કિસાનોને ભારે નુકસાન સહન કરવું પડી શકે છે હાલમાં વરસાદની ખુબ જ જરૂર છે અને જો વરસાદ નહી આવે તો ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવનારાઓ માટે દુષ્કાળની સ્થિતિ ખુબ મોટી સંકટ લઈને આવશે ગોરખપુર જીલ્લાના કૃષિ અધિકારી દેવેન્દ્ર પ્રતાપ અનુસાર અહીં ૭૧૪.૯ એમએમ વરસાદ થવો જોઈએ પરંતુ અહીં ફકત ૪૦૧.૨ એમએમ જ વરસાદ થયો છે આવનારા સમયમાં આજ સ્થિતિ રહી તો દુષ્કાળની સ્થિતિ આવશે વરસાદ જો થશે તો પણ ૨૦ ટકા પાકનો ગ્રાથ ઓછો થશે

પ્રયાગરાજમાં પણ આ વખતે વરસાદ ઓછો થયું છે આ કારણે અનાજના પાક ખરાબ થવાની કિનારીએ છે જીલ્લા કૃષિ અધિકારી સુભાષ મૌર્ય અનુસાર જીલ્લામાં ૪૩.૬ ટકા વરસાદ થયો છે કુલ મળી ફકત ૩૪૪.૫૦ મિલીમીટર વરસાદ થયો છે જયારે ૮૬૪ મિલીમીટર વરસાદ થવો જોઈએ આ વખતે અનાજની રોપાઈ ૯૩ ટકા થઈ છે ઉપરહાર ક્ષેત્ર સૌથી વધુ પ્રભાવિત છે મેજા બઔર બારાની ૧૬ હજાર હેકટરનો પાક પ્રભાવિત થયો છે.સ્થાનિક કિસાનોનું કહેવુ છે કે તેમનો પાક લગભગ બરબાદ થઈ ગયો છે અને વરસાદ ન થવાને કારણે મોટાભાગનો પાક પીળો થઈ ગયો છે.મોંધવારીનો માર સહન કર્યા બાદ હવામાનના મારે કિસાનોની કમર તોડી નાખી છે રાયબરેલીમાં સામાન્ય દિવસોમાં અત્યાર સુધી ૨૭૪ મિલીમીટર વરસાદ થતો હતો પરંતુ અત્યાર સુધી માત્ર ૧૧૩.૫ મિલીમટર વરસાદ જ થઈ શકયો છે.આઝમગઢમાં વરસાદની કમીની સીધી અસર પાક પર પડી રહી છે.અહીં વરસાદથી રોપાઈનું કાર્ય લગભગ ૯૫ ટકા પુરૂ થઈ ગયું છે હવે આગળ અનાજના પાક માટે સારા વરસાદની આવશ્યકતા છે.જીલ્લા કૃષિ અધિકારી ગગનદીપે કહ્યું કે આ વખતે વરસાદ મોડો થયો છે અત્યાર સુધી રોપાઈનું કાર્ય પુરૂ થઈ ગયું છે વરસાદ ન થવાને કારણે કિસાનોમાં નિરાશા જોવા મળી રહી છે અને તેમનો પાક સુકાઈ રહ્યો છે.આવી જ સ્થિતિ કુશીનગર,દેવરિયામાં જોવા મળી રહી છે.વરસાદ ન થતા દુષ્કાળનું સંકટ ઘેરાયું છે ખેતરોમાં તિરાડો પડી ગઈ છે કિસાન પરેશાન છે.કિસાનોને ભારે નુકસાન સહન કરવું પડી રહ્યો છે.

# ૨૦૧૯માં દિલ્હી અને કોલકાતામાં પ્રદૂષણને કારણે એક લાખની વસ્તી દીઠ ૧૦૬ થી ૯૯ લોકો મૃત્યુ પામ્યા હતા

નવીદિલ્હી,તા.૧૮

છેલ્લા ઘણા વર્ષોથી હંમેશા એ વાતની ચર્ચા થઈ રહી છે કે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પ્રદૂષણ સતત વધી રહ્યું છે. તાજેતરમાં એક રિપોર્ટમાં જે ખુલાસો સામે આવ્યો છે તે ચોંકાવનારો છે. હેલ્થ ઈફેક્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા રિપોર્ટ અનુસાર, દિલ્હી અને કોલકાતા વિશ્વના બે સૌથી પ્રદૂષિત શહેરોમાં સામેલ છે. વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ચીનના પાંચ અને ભારતના ત્રણ શહેરોનો સમાવેશ થાય છે.વાસ્તવમાં, અમેરિકન હેલ્થ ઈફેક્ટ્સ ઈન્સ્ટિટ્યૂટનો રિપોર્ટ દર્શાવે છે કે ૨૦૧૯માં દિલ્હી અને કોલકાતામાં પીએમ ૨.૫ પ્રદૂષણને કારણે એક લાખની વસ્તી દીઠ ૧૦૬ થી ૯૯ લોકો મૃત્યુ પામ્યા હતા. આ રિપોર્ટમાં પીએમ ૨.૫ ના કારણે ૧ લાખ વસ્તી દીઠ ૧૦૬ મૃત્યુ સાથે ભારતની રાજધાની છઠ્ઠા સ્થાને છે. બીજી તરફ, કોલકાતા દર ૧૦૦,૦૦૦ લોકો પર ૯૯ મૃત્યુ સાથે ૮માં સ્થાને છે.પીએમ ૨.૫ના કારણે આવા ૧૨૪ મૃત્યુને કારણે ચીનની રાજધાની પ્રથમ સ્થાને છે. આ અહેવાલ સમગ્ર વિશ્વના ૭,૦૦૦ થી વધુ શહેરો માટે વાયુ પ્રદૂષણ અને વૈશ્વિક સ્વાસ્થ્ય પરની અસરોનું વ્યાપક અને વિગતવાર વિશ્લેષણ રજૂ કરે છે. તે બે સૌથી હાનિકારક પ્રદૂષકો ફાઈન પાર્ટિક્યુલેટ મેટર (પીએમ ૨.૫) અને નાઈટ્રોજન ડાયોક્સાઈડ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૧૯માં, ૭,૨૩૯ શહેરોમાં પીએમ ૨.૫ને કારણે ૧.૭ મિલિયન લોકો મૃત્યુ પામ્યા હતા, જેમાં એશિયા, આફ્રિકા અને પૂર્વી અને મધ્ય યુરોપના શહેરોમાં આરોગ્ય પર સૌથી વધુ અસર પડી હતી. ૨૦૧૯ માં પીએમ ૨.૫ ના ઉચ્ચતમ સ્તરને કારણે મૃત્યુ દર બેઈજિંગમાં ૧૨૪ હતો. દિલ્હી અને કોલકાતા રેકિંગમાં છઠ્ઠા અને આઠમા ક્રમે હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પીએમ ૨.૫ના કારણે મૃત્યુદરમાં સૌથી વધુ વધારો ધરાવતા તમામ ૨૦ શહેરો દક્ષિણ-પૂર્વ એશિયામાં સ્થિત છે.આ રિપોર્ટમાં ઈન્ડોનેશિયાના ૧૯ શહેરો અને મલેશિયાના શહેરોનો સમાવેશ થાય છે. આ ૨૦ શહેરોમાં, પીએમ ૨.૫ ની માત્રા ૧૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરથી વધુ વધી છે.

**તા.૧૯-૮-૨૦૨૨ ના દિવસે જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક કાર્યાલય રજા પાળશે જેથી તા.૨૦-૮-૨૦૨૨ નો અંક પ્રકાશિત થશે નહીં જેની સર્વે વાચક મિત્રોએ નોંધ લેવા વિનંતી**

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તા પરથી હટાવવા જોઈએ. સરમુખત્યારશાહી સરકાર નહીં ચાલે : લાલુ પ્રસાદ

પટણા,તા.૧૮

બિહારમાં નીતિશ કુમારની પાર્ટી જેડીયુ અને આરજેડીની સરકાર બન્યા બાદ લાલુ પ્રસાદ યાદવે કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે. આરજેડી ચીફ લાલુ પ્રસાદ યાદવે કેન્દ્ર સરકાર પર તાનાશાહી હોવાનો આરોપ લગાવ્યો છે. કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરતા પૂર્વ કેન્દ્રીય મંત્રી લાલુ પ્રસાદ યાદવે સ્પષ્ટ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તા પરથી હટાવવા જોઈએ.રાજદ વડા લાલુ પ્રસાદ યાદવે બુધવારે પત્રકારો દ્વારા ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ (લોકસભા ચૂંટણી ૨૦૨૪) વિશે પૂછવામાં આવતાં કહ્યું કે અમારે તાનાશાહી સરકારને હટાવવાની છે. આરજેડી ચીફ લાલુ પ્રસાદે કેન્દ્ર સરકારને ઘેરતા કહ્યું કે પીએમ મોદીને સત્તા પરથી હટાવવા પડશે. લાલુ પ્રસાદ યાદવ બુધવારે દિલ્હીથી પટના પરત ફર્યા હતા અને રાજ્યમાં નવી સરકારની રચના બાદ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને પ્રથમ વખત મળ્યા હતા. નીતિશ કુમારે ભાજપ સાથે ગઠબંધન તોડીને નવી મહાગઠબંધન સરકાર બનાવી છે.

બિહારના ડેપ્યુટી સીએમ અને લાલુ પ્રસાદ યાદવના પુત્ર તેજસ્વીએ ટ્વિટર પર બંને નેતાઓ વચ્ચેની મુલાકાતની તસવીરો શેર કરી છે. તેજસ્વીએ ટ્વીટ કર્યું, "આદરણીય મુખ્યમંત્રી નીતિશ કુમાર જી રાષ્ટ્રીય અધ્યક્ષ (ઈત્તઢ) લાલુ પ્રસાદ યાદવને મળવા પહોંચ્યા" આ પ્રસંગે તેજ પ્રતાપ યાદવ અને રાબડી દેવી પણ હાજર હતા.

જણાવી દઈએ કે, બિહારમાં મુખ્યમંત્રી પદના શપથ લેતા પહેલા જ નીતિશ કુમારે આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ સાથે વાત કરી હતી અને રાજકીય ઘટનાક્રમ પર ચર્ચા કરી હતી. નીતિશ કુમાર અને તેજસ્વી યાદવે ૧૦ ઓગસ્ટે શપથ લીધા હતા. અગાઉ જ્યારે નીતીશ કુમારે ભાજપ સાથે ગઠબંધન તોડ્યું હતું ત્યારે લાલુ યાદવે એનડીએથી અલગ થઈને રાજ્યમાં નવી સરકાર બનાવવાના નિર્ણય બદલ કુમારની પ્રશંસા કરી હતી.

# બિહારમાં ટ્યૂશન જતી દીકરીઓ સુરક્ષિત નથી, ૧૬ વર્ષની છોકરીને ગળામાં મારી ગોળી

પટણા,તા.૧૮

બિહારમાં ગુનેગારો નિર્ભય બની ગયા છે. રાજધાની પટનાના મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં એક વિદ્યાર્થીનીને અજાણ્યા ગુનેગારે ગોળી મારી દીધી છે. આ ઘટના બુધવારે સવારે બની હતી, જ્યારે કાજલ નામની વિદ્યાર્થીની બેઉર પોલીસ સ્ટેશન વિસ્તારના સિપારા વિસ્તારમાં તેના કોચિંગમાંથી અભ્યાસ કરીને ઘરે જઈ રહી હતી, ત્યારે પહેલાથી જ ઘાતક બનેલા એક અપરાધીએ છોકરીને પાછળથી ગોળી મારી દીધી હતી.

ગોળી છોકરીના ગળામાં ફસાઈ ગઈ. ઉતાવળમાં યુવતીના પરિવારજનોએ તેને બાયપાસ સ્થિત ખાનગી નર્સિંગ હોમમાં દાખલ કરી હતી, જ્યાં યુવતીની હાલત નાજુક બની ગઈ છે. સાથે જ વિદ્યાર્થીનીને ગોળી મારવાની ઘટના પણ સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. વિદ્યાર્થીનીની ઉંમર ૧૬ વર્ષ છે. ઘટના બાદ પોલીસ પણ મોડી પહોંચી હતી અને પરિવારજનો પાસેથી ફોન પર જ ઘટનાની માહિતી લઈ રહી હતી.

## તંત્રી સ્થાનેથી...

# કાશ્મીરની સમસ્યા

આતંકીઓ ફરી એક વાર કાશ્મીરી હિંદુઓને નિશાનો બનાવવામાં સફળ રહ્યા, તે ખેદજનક વાત છે. આ વખતે તેમણે શોપિયાંના એક ગામમાં સફરજનની વાડીમાં કામ કરી રહેલા બે કાશ્મીરી હિંદુ ભાઈઓ પર ગોળીઓ વરસાવી, જેમાંથી એકનું મોત થઈ ગયું અને બીજો હોસ્પિટલમાં જિંદગી સામે ઝઝૂમી રહ્યો છે. આ પહેલાં એપ્રિલમાં આ જ ગામમાં એક કાશ્મીરી હિંદુને ગોળી મારીને ઘાયલ કરી દેવાયો હતો. એ ઠીક નથી કે ઘાટીમાં રહી રહીને કાશ્મીરી હિંદુઓ અને શીખોને નિશાન બનાવવામાં આવતા રહે. જો આ સિલસિલો રોકવામાં નહીં આવે તો કાશ્મીરમાં વધ્યા-ઘટ્યા હિંદુઓ અને શીખોને એ ભરોસો અપાવવો કઠિન થતું જશે કે તેઓ ત્યાં સુરક્ષિત છે. જો આ પ્રકારની ઘટનાઓ અટકી નહીં તો કાશ્મીરી હિંદુઓને ફરીથી ઘાટીમાં વસાવવાનું લ-ય પણ પૂરું થવાનું નથી. એ સાચું કે જે આતંકી આ પ્રકારની ઘટનાઓને અંજામ આપે છે, તેમને વહેલા મોડા ઠેકાણે પાડી જ દેવાય છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું તેનાથી ડરના ઓછાયા હેઠળ જીવી રહેલા કાશ્મીરી હિંદુ પોતાની સુરક્ષાની ચિંતાથી મુક્ત થઈ શકે છે? તેની પણ અવગણના ન કરી શકાય કે કાશ્મીરમાં સક્રિય આતંકી બિનકાશ્મીરીઓને પણ નિશાનો બનાવી રહ્યા છે. હાલમાં જ ગયા અઠવાડિયે આતંકીઓએ બિહારના એક મજૂરને ગોળી મારી દીધી હતી, જેનું હોસ્પિટલમાં મોત થઈ ગયું.

એ પણ ઓછું ખતરનાક નથી કે આતંકીઓ જે રીતે વારે-તહેવારે કાશ્મીરી હિંદુઓ-શીખો અને બિનકાશ્મીરીઓને નિશાનો બનાવતા રહે છે, એ જ રીતે પોલીસ અને સુરક્ષા દળોના જવાનોને પણ. એ સાચું કે આતંકીઓના માર્યા જવાનો સિલસિલો યથાવત છે અને દર અઠવાડિયે બે-ચાર આતંકીઓ માર્યા જાય છે, પરંતુ એ માનવાનાં ઘણાં કારણો છે કે નિત-નવા આતંકીઓ પણ પેદા થતા રહે છે. એ પણ કોઈથી છૂપું નથી કે સીમા પારથી આતંકીઓની ઘૂસણખોરી પણ ચાલુ છે. સ્પષ્ટ છે કે આ બંને મોરચા પર કામ કરવાની સખત જરૂરિયાત છે. એના કારણોનાં મૂળિયાં સુધી જવું પડશે, જેને કારણે કાશ્મીરી યુવા હજુ પણ હથિયાર ઉઠાવીને આતંકી બનતા જાય છે, બલ્કે એ પણ જોવું પડશે કે તેમને ભરમાવવા અને પ્રશિક્ષણ આપવાનું કામ કોણ કરી રહ્યું છે? શું તેઓ પહેલાંની જેમ જ આતંકી પ્રશિક્ષણ લેવા માટે પાકિસ્તાનમાં જવા સમર્થ છે? આ સવાલોનો જવાબ મળવો જ જોઈએ. તેની સાથે જ એના પણ પ્રયાસ કરવા પડશે કે સીમા પારથી આતંકીઓની ઘૂસણખોરી સંપૂર્ણ રીતે બંધ થાય. જો સીમા પાર એટલે કે પાકિસ્તાનમાં આતંકીઓને પ્રશિક્ષિત કરવા અને પછી તેમની કાશ્મીરમાં ઘૂસણખોરી કરાવવાનું કામ ચાલુ રહે છે, તો પછી ઘાટીમાં આતંકવાદ પર લગામ લગાવવું મુશ્કેલ જ રહેશે.

# એમસીએક્સ પર બુલડેક્સ વાયદો ૫૩ પોઈન્ટની વૃદ્ધિ સાથે ૧૪૨૮૬ના સ્તરે

સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિઃ મેન્થા તેલમાં નરમાઈઃ કોટનમાં સુધારોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૮૨૭૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૪૫૮૫ કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૧૫૩,૬૮૨ સોદાઓમાં કુલ રૂ.૧૨,૮૮૬.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૮૨૭૭.૧૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૪૫૮૪.૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૮,૪૫૧ સોદાઓમાં કુલ રૂ.૩,૪૫૪.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૬૪૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૮૪૯ અને નીચામાં રૂ.૫૧,૬૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪૯ વધી રૂ.૫૧,૭૯૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૪૭ વધી રૂ.૪૧,૩૦૯ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૫,૧૩૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૨૬ વધી રૂ.૫૧,૭૮૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૬૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૧૦૮ અને નીચામાં રૂ.૫૬,૫૫૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૫૧ વધી રૂ.૫૭,૦૬૬ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ. ૮૭ વધી રૂ.૫૭,૬૭૭ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૭૫ વધી રૂ.૫૭,૭૦૨ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૭,૦૮૪ સોદાઓમાં રૂ.૨,૮૦૮.૩૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ વધી રૂ.૨૧૦.૭૫ અને જસત ઓગસ્ટ વાયદો રૂ.૧.૮૦ ઘટી રૂ.૩૧૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૬.૧૦ વધી રૂ.૬૬૭.૩૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૧,૫૯૬ સોદાઓમાં કુલ રૂ.૧,૯૬૦.૧૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૦૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૩૯ અને નીચામાં રૂ.૬,૯૮૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૮૯ વધી રૂ.૭,૦૮૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૭૦ વધી રૂ.૭૪૧.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯૦૪ સોદાઓમાં રૂ.૫૪.૬૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓગસ્ટ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૫૦,૨૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૮૯૦ અને નીચામાં રૂ.૫૦,૨૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૦ વધી રૂ.૫૦,૨૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૨૦ ઘટી રૂ.૯૭૩.૫૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૫૮૦.૯૬ કરોડનાં ૩,૦૫૬.૪૩૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૮૭૩.૦૬ કરોડનાં ૩૨૬.૫૪૪ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯૮૮.૨૮ કરોડનાં ૧,૪૦૦,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૯૭૨ કરોડનાં ૧૩૧૪૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૦.૨૮ કરોડનાં ૭૦૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૨૪.૩૫ કરોડનાં ૨૪૭.૩૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૪૧.૪૩૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૪૪.૩૫૨ ટન, ક્રૂડ તેલમાં ૬૧૫૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૩૦૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૮૮૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૬૯૭.૬૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૪.૯૬ કરોડનાં ૩૫૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૨૩૦ના સ્તરે ખૂલી, ૫૩ પોઈન્ટ વધી ૧૪,૨૮૬ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૪,૫૮૪.૯૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૦.૩૦ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨૧.૭૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૪૮૨.૦૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૪૯.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૪૫.૫૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૯.૩૦ અને નીચામાં રૂ.૨૧૦ રહી, અંતે રૂ.૨૦.૭૦ વધી રૂ.૨૩૭.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૭૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫.૨૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૩.૩૫ અને નીચામાં રૂ.૨૫.૨૫ રહી, અંતે રૂ.૪.૪૫ વધી રૂ.૩૦.૮૫ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૯.૫૦ અને નીચામાં રૂ.૨૫૭ રહી, અંતે રૂ.૪૦ વધી રૂ.૨૯૨ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૭૪.૫૦ અને નીચામાં રૂ.૭૦૪ રહી, અંતે રૂ.૪૬ વધી રૂ.૯૪૬.૫૦ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૫ અને નીચામાં રૂ.૧૮૧ રહી, અંતે રૂ.૬૦ વધી રૂ.૨૭૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૦૦.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૩.૫૦ અને નીચામાં રૂ.૩૫૬.૧૦ રહી, અંતે રૂ.૩૬.૬૦ ઘટી રૂ.૩૮૦.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૮.૯૫ અને નીચામાં રૂ.૧૫.૨૫ રહી, અંતે રૂ.૧.૮૫ ઘટી રૂ.૧૭.૧૫ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૭૭.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૦ અને નીચામાં રૂ.૨૪૩.૫૦ રહી, અંતે રૂ.૩.૫૦ ઘટી રૂ.૨૭૪ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૪.૫૦ અને નીચામાં રૂ.૧૭૪ રહી, અંતે રૂ.૫૪ ઘટી રૂ.૧૭૮.૫૦ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૦ અને નીચામાં રૂ.૫૪ રહી, અંતે રૂ.૧૧.૫૦ વધી રૂ.૯૬.૫૦ થયો હતો.

## સાબરમતી નદીમાં પાણીનો આવ્યો ઓછો થયો છતાં નદી બે કાંઠે

# સંત સરોવરના સાત દરવાજા બંધ કરાયા : ૧૪ દરવાજામાંથી૩૨,૨૩૦ ક્યુસેક્સ પાણી છોડાઈ રહ્યું છે

લોકોને નદી કાંઠે નહીં જવા તાકીદ : સાવચેતીનાં પગલાં તરીકે જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓને હેડક્વાર્ટરમાં રહેવાના આદેશો

ધરોઈ ડેમમાંથી ૨૩,૦૭૨ ક્યુસેક્સ પાણી છોડાઈ રહ્યું છે

ગાંધીનગરમાં સાબરમતી નદી આજે પણ બે કાંઠે વહી રહી છે. ધરોઈ બંધમાંથી પાણીનો આવરો ઓછો થતાં ગાંધીનગરમાં સંત સરોવરના ૨૧ દરવાજામાંથી ૭ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. ૧૪ દરવાજા ખુલ્લા રાખીને હજુ પણ ૩૨,૨૩૦ ક્યુસેક્સ પાણી વાસણા બેરેજ તરફ છોડવામાં આવી રહ્યું છે. લાકરોડા બેરેજ તરફથી હજુ પણ પાણીની આવક ચાલુ રહેતાં સંત સરોવરની સપાટી ઊંચી આવશે. નદી કાંઠાના ગામોમાં વસતા નાગરિકોને સલામતીના કારણોસર કાંઠા વિસ્તારમાં નહીં જવાની સૂચના આપવામાં આવી છે. નિવાસી અધિક કલેકટર શ્રી રિતુ સિંઘે સલામતીના કારણોસર તમામ કર્મચારીઓ-અધિકારીઓને હેડક્વાર્ટર નહીં છોડવાના આદેશો આપ્યા છે. જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓની રજાઓ મંજૂર નહીં કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.ગુરુવારે સાંજે ૬.૦૦ વાગ્યાની સ્થિતિએ ધરોઈ બંધમાંથી ૨૩,૦૭૨ ક્યુસેક્સ પાણી છોડવામાં આવી રહ્યું છે. બુધવારની મધરાતે ધરોઈ બંધમાંથી ૬૬,૦૫૦ ક્યુસેક્સ પાણી છોડવામાં આવ્યું હતું. પરંતુ હવે ધરોઈ બંધમાંથી પાણી છોડવાનું ઓછું થતાં લાકરોડા બેરેજમાંથી પણ પાણી છોડવાનું ઓછું કરાયું છે. સાંજે ૬.૦૦ વાગ્યે લાકરોડા બેરેજમાંથી ૪૭,૩૬૬ ક્યુસેક્સ પાણી છોડવામાં આવી રહ્યું છે, એટલે સંત સરોવરમાં આવતા પાણીની આવક પણ ઓછી થઈ છે.

ગાંધીનગરના સંત સરોવરમાં પાણીનો આવરો વધતા ગુરુવારે પરોઢે ૫.૦૦ વાગ્યાથી સંત સરોવરના તમામ ૨૧ દરવાજા ખોલી નાખવામાં આવ્યા હતા અને પાણી ફ્રી ફ્લોથી વાસણા બેરેજ તરફ છોડવામાં આવ્યું હતું. પાણીનો આવરો ઓછો થતાં સાંજે

૬.૦૦ વાગ્યે સંત સરોવરના ૭ દરવાજા બંધ કરવામાં આવ્યા છે. બાકીના ૧૪ દરવાજા ત્રણ ફૂટ જેટલા ખોલીને ૩૨,૨૩૦ ક્યુસેક્સ પાણી વાસણા બેરેજ તરફ છોડવામાં આવી રહ્યું છે. આ રીતે સંત સરોવરમાં જળ સપાટી જાળવી રાખવામાં આવશે એટલે સાબરમતી નદી હજુ પણ બે કાંઠે વહેશે.

નદીમાં પાણીની સપાટી ઊંચી રહેવાથી નાગરિકોને સલામતીના કારણોસર નદી કાંઠાથી દૂર રહેવાની તાકીદ કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાના તમામ અધિકારીઓ-કર્મચારીઓને હેડ ક્વાર્ટર નહીં છોડવા આદેશો કરવામાં આવ્યા છે. સાબરમતી, મેશ્વો, ખારી અને વાત્રક નદી ગાંધીનગર જિલ્લામાં થઈને વહે છે. ઉપરવાસના જિલ્લાઓમાં ભારે વરસાદ અને જળાશયોમાંથી પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી ક્યાંય પૂરની પરિસ્થિતિ સર્જાય તો જાનમાલને નુકસાન ન થાય તે માટે સાવચેત રહેવા અને આગોતરા પગલાં તરીકે જિલ્લાના તમામ અધિકારીઓ-કર્મચારીઓની રજાઓ મંજૂર નહીં કરવાના પણ આદેશો આપવામાં આવ્યા છે.

# આઝાદીની ની લડત મા દરબાર(રાજપુતો) ના બલિદાનો

જયારે ગાંધીજી જન્મ્યા ન હતા એ પેલા રાજપુતો એ આઝાદી ની લડત ચાલુ કરી હતી ૧૮૫૭ મા રાજપુતો એ આઝાદી ની લડત ચાલુ કરી હતી...

રાજપુતો ના ઈતિહાસ ઉપર એજ આંગળી કરી શકે જે ને ઈતિહાસ વાંચ્યા નઈ હોઈ રાજપુતો એ મુઘલો તુરકો ને ચંગેઝો ને અફઘાની ઓ ને તો ભગાડ્યા અંગ્રેજો ને પણ ભગાડ્યા...

બિહાર મા આઝાદી ની લડત સૌ પ્રથમ જગદીશ પુર રિયાસત ના રાજવી વીરકુંવર સિંહ એ શરૂઆત કરી એ પણ ૮૦ વર્ષ ની ઉંમર મા એ સમય એ લોગ લાઠી ના સહારા લેતા હોઈ એ સમયે વીરકુવર એ તલવાર નો સહારો લીધો અને એમની સાથે હજારો રાજપુતો એ સમયે આઝાદી લડત મા ભાગ લીધો જેમાં હરીકિશનસિંહ લક્ષ્મી સિંહ એમના ચારે ભાઈઓ રાઘસિંહ અજિતસિંહ આઝાદી ની ચળવળ મા આગેવાન રહ્યા હતા અને આ ચારે ભાઈઓ ને અંગ્રેજો એ કાળા પાણી ની સજા આપી હતી ત્યાર બાદ ૧૮ માર્ચ ૧૮૫૮ ના આઝમ ગઢ રાજા કુંવરસિંહ ના નેતૃત્વ મા રાજપુતો અમે અંગ્રેજો નું યુદ્ધ થયું આ યુદ્ધ ૪ દિવસ ચાલ્યું હતું આ યુદ્ધ મા અંગ્રેજો હારી ગયા ત્યાર બાદ પણ આનો બદલો લેવા અંગ્રેજ કર્નલ એ ફરી થી કાવતરું કર્યું પણ બીજી વાર પણ રાજપુતો એ મારી ને ભગાડી મુક્યા હતા ત્યાર બાદ કુંવરસિંહ ત્રણ દિવસ બાદ ઈજા થવા થી મૃત્યુ પામ્યા હતા એ યુદ્ધ મા બીજા રાજપુતો એમના નેતૃત્વ મા નિષાનસિંહ, સીધીસિંહ, જોધાસિંહ, રામેશ્વરસિંહ, સુંદરસિંહ, કમાન્ડર લક્ષ્મીસિંહ, ડલાનસીંહ, જીવધનસિંહ, કાશીસિંહ, બહાદુરસિંહ, શિવબાલકસિંહ, હરિસિંહ, મકબુલસિંહ, જગમાલસિંહ, ઉદ્ધતિસિંહ, ધારકાસિંહ, આનંદસિંહ, રામનારાયણસિંહ, રાધેસિંહ, ભોલાસિંહ, ભારુસિંહ, આવા ઘણા રાજપુતો સહીદ થયા હતા.. દેશ માટે ત્યાર બાદ કુંવરસિંહ ના પુત્ર અમરસિંહ એ અંગ્રેજો ને ઓકાદ બતાવી અને અંગ્રેજો ને ભગાડી મુક્યા હતા

ત્યાર બાદ રાયબરેલી ના રાજા માધવસિંહ રાણા એ ૧૮૫૭ ની ક્રાંતિ મા પોતાનો ભાગ ભજવ્યો હતો અને ૧૮૫૭ નું ગોરીલા યુદ્ધ પણ એજ લડ્યા હતા પ્રાતપવર્ધ ના રાજા હનુમનસિંહ એ એક હજાર નું સન્ય બનાવી ને અંગ્રેજો ને હરાવ્યા રાજા પૃથ્વી પાલસિંહ એ ૩ જુના ૧૮૫૭ ના રોજ અંગ્રેજો ને હરાવ્યા રાજા ફતેહ બહાદુર સિંહ એ અંગ્રેજો સાથે યુદ્ધ લડી અંગ્રેજો ને હરાવી પોતાનું આત્રોલીયા રાજ્યા પાછુ લીધું અમેઠી ના રાજા લાલ માધવ સિંહ એ ૧૩ નવેમ્બર ૧૮૫૮ ના રોજ અંગ્રેજો ને હરાવ્યા તે ઉપરાંત બીજા પણ ઘણા રાજા ઓ એ અંગ્રેજો ને હરાવ્યા હતા જેમનાં નામ નરહર પુર ના રાજા હરિનારાયણસિંહ, સતાસી ના રાજા ઉદિતનારાણસિંહ, હરિકૃષ્ણસિંહ, અયોધ્યાસિંહ, ઠાકુરસિંહ માધોસિંહ, પલટનસિંહ, ગુરુદયાલસિંહ, આવા તો ઘણા રાજવી ઓ એ અંગ્રેજો સાથે યુદ્ધ કરી ને અંગ્રેજો ને હરાવ્યા હતા તે ઉપરાંત બીજા ઘણા રાજપુત ક્રાંતિકારી ઓ હતા જેવા કે ધવરાકાસિંહ, કાલકાસિંહ, રઘુવીરસિંહ, બળદેવસિંહ, સેવા સિંહ, કાશીસિંહ, ભગવાનસિંહ, લક્ષમણસિંહ, રામસહાયસિંહ, શિવસિંહ, શીતલસિંહ, મોહનસિંહ, ઈનદ્રસિંહ, મથુરાસિંહ, નારાયણસિંહ જેવા હજારો રાજપુત ક્રાંતિકારી ઓ એ બલિદાનો આપ્યા છે શાહપુર જિલ્લા ના દોરાપુર ગામ ના રાજપુતો એ દિલ્હી જય ને અંગ્રેજી જંડો ફેંકી ભારતીય જંડો લગાવ્યો હતો અને ચાર અંગ્રેજો ને મારી નાખ્યા ત્યારબાદ અંગ્રેજો એ સડયંત્ર કરી ૨૯ નવેમ્બર ૧૮૫૭ ના રોજ પીપળા ના ઝાડા પર ૧૩ રાજપુતો ને ફાંસી આપી દીધી જેઓ ના નામ વજિરસિંહ ચૌહાણ, સાહબસિંહ ગહેલોત, સુમેર સિંહ ગહેલોત, કીડાસિંહ ગહેલોત, ચંદનસિંહ ગહેલોત, મખણસિંહ ગહેલોત, જીયાસિંહ ગહેલોત, દોલતસિંહ ગહેલોત, જીરાજસિંહ ગહેલોત, દુર્ગાસિંહ ગહેલોત, મુસાહબસિંહ ગહેલોત, દલેલસિંહ ગહેલોત, મહારાજસિંહ ગહેલોત, લાલ ઝુંકુમલ જેવા શુરવીર રાજપુતો સહીદ થયા

આવા તો કેટલાય રાજપુતો એ દેશ માટે બલિદાનો આપ્યા છે જેમાં ગુજરાત ના રાજપુત સરદાર સિંહ રાણા કંથારીયા જેઓ દેશ ની ક્રાંતિકારી લડત માટે પૈસા પુરા પાડતા હતા તથા તેઓ પેરિસ મા રહી ને ક્રાંતિકારી કરતા હતા જેમને ૧૯૧૧ મા પ્રથમ રાષ્ટ્ર ધ્વજ તૈયાર કર્યો હતો

રાજપુતો એ પેલી ક્રાંતિ ૧૮૫૭ મા કરી ત્યાર બાદ ૧૮૫૮ મા ૧૮૯૭ મા ક્રાંતિ કરી ૧૯૪૭ મા ક્રાંતિ કરી ૧૯૬૫ મા કરી ક્રાંતિ ૧૯૭૧ મા રાજપુતો ક્રાંતિ કરી તથા છેલ્લી ક્રાંતિ ૧૯૯૯ મા કરી જેમાં હજારો રાજપુત સૈનિકો સહીદ થયા હતા અને સૌથી જાજા પરમવીર ચક્ર પણ રાજપુતાના રાઈફલ ને જ મળ્યા છે તે ઉપરાંત આઝાદી ની લડત માં ગુજરાત ક્ષત્રિય વીર પુરુષ સરદારસિંહ રાણા નો અહમ ફાળો રહ્યો છે ક્રાંતિવીર શ્રી સરદારસિંહજી રાણા નો જન્મ ૧૦ એપ્રિલ ૧૮૭૦નાં સુરેન્દ્રનગર જિલ્લાના કંથારીયા ગામમાં થયો હતો, પણ કોને ખબર હતી કે આ બાળક મોટુ થઈને ભારતની આઝાદી માટે આખા યુરોપને ખળભળાવી મુકે એવા પરાક્રમો કરશે, લંડન ખાતે ઈન્ડિયા હાઉસની સ્થાપનામાં રાણાજીનો સિંહફાળો હતો, તેમજ લંડનમાં મદનલાલે કર્ઝન વાયલીને ઠાર માર્યો એ રીવોલ્વર પણ રાણાજીની હતી, ભારતમાં બોમ્બ અને પિસ્તોલ યુગ શરૂકરનાર રાણાજી હતાં, ૧૯૦૭માં જર્મનીના સ્ટુટગાર્ડમાં ભારતનો પ્રથમ તિરંગો લહેરાવનાર મેડમ કામા અને સરદારસિંહ રાણા હતાં, રાણાજીની અનેક ક્રાંતિપ્રવૃતિઓને લીધે અંગ્રેજ સરકારે રાણાજીને ભારત આવવા પર પ્રતિબંધ લગાડ્યો, આઝાદ ભારતની પ્રથમ ચૂંટણીમાં લોકસભામાં ૬૦ થી વધારે સાંસદો એવા હતાં જે રાણાજીની સ્કોલરશીપથી ભણ્યા હતાં, ૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારે પંડિત નહેરુએ રાણાજીને પત્ર લખ્યો કે તમારુ સપનું સાકાર થયું છે, અને પંડિત નહેરુએ ખાસ વિમાન માં બેસાડીને રાણાજીને ભારતમાં આવકાર્યા,

પરંતુ આજે કોઈ રાજકીય કે સામાજિક કારણોસર ઝાલાવાડ ના આવા મહાન ક્રાંતિવીરનું નામ દબાવી દેવામાં આવ્યું છે.

૧ પરમવીર ચક્ર
૨ અશોક ચક્ર
૧ પદ્મ ભૂષણ
૧૧ સેવા મંડળ પુરસ્કાર
૧૦ મહાવીર ચક્ર
૮ કીર્તિ ચક્ર
૧૧ અતિ વિશિષ્ટ સેવા મંડળ ચક્ર
૧ ઉત્તમ જીવૃદ્ધ મંડળ
૪૧ વીર ચક્ર
૨૫ શોર્ય ચક્ર
૧૧૨ સેના મંડળ ચક્ર
૩૬ વિશિષ્ટ સેવા પુરસ્કાર
૨ યુદ્ધ સેવા મંડળ પુરસ્કાર
૫૫ અર્જુન પુરસ્કાર
તથા ૮૫ પ્રકાર ના અન્ય ચક્ર

આમ રાજપુતો એ ફક્ત રાજ નથી કર્યું દેશ માટે હજારો રાજપુતો એ બલિદાનો આપ્યા છે સૌથી વધુ દેશ માટે બલિદાન આપનાર કોમ રાજપુત કોમ છે

લેખન સેજપાલસિંહ ઝાલા એડવોકેટ

# વરસાદ ના કારણે અંડરગ્રાઉન્ડ ટાંકીઓ વરસાદી પાણી તથા ગટરયુકત પાણી થી ગરકાવ



ઉત્તર ગુજરાત માં ભારે વરસાદ ની આગાહી ના પગલે વરસાદી માહોલ વચ્ચે વડગામ તાલુકાના મજાદર ગામે છેલ્લા ચાર વર્ષથી ઉદભવતી સમસ્યા નું યોગ્ય નિરાકરણ ન થવાથી નૂર મસ્જિદ પાછળ આવેલ કૂવૈતર વાસ ના પચ્ચાસ જેટલાં ઘરોમાં વરસાદી પાણી ઘરોમાં ઘુસ્યા હોવાથી લોકોને હાલાકીઓ નો સામનો કરવાની નોબત આવી છે વરસાદી પાણીના નિકાલ કરવાના રસ્તા પર પંચાયત દ્વારા યોગ્ય ઢાળ આપ્યા વિના પેવર બ્લોક નાખી દેવાતા પચ્ચાસ જેટલા ઘરો ના પાણી આખરે ઘરોમાં ઘુસી ગયા છે જાહેર રસ્તામાં દબાણ ને કારણે પાણી નો નિકાલ થતો નથી જેથી ઘરો ની આગળ પાણી ભરાય ને ઘરોમાં ઘુસી રહ્યા છે જેથી અંડરગ્રાઉન્ડ બનાવેલ પીવાના પાણીની ટાંકીઓ માં પણ વરસાદી પાણી ઘુસી ગયા છે જેથી લોકોને બહુમોટી હાલાકીઓ નો સામનો કરવાનો વારો આવ્યો છે વરસાદી પાણી ભરાઈ જવાના કારણે મચ્છરજન્ય રોગો અને રોગચાળો થવાની દહેશત લોકો ને સતાવી રહી છે અહીં રહેતા નાના ભુલકાઓ અને મહીલાઓને પણ રજોબરોજ ના કામો માટે પાણીમાંથી પ્રસાર થવુ પડી રહ્યું છે વહીવટી તંત્ર અને પંચાયત વિભાગ ને અનેક રજૂઆત કરવા છંતા પરિણામ શૂન્ય આવ્યું છે .

ત્યારે રહીશોની એકજ માંગણી છે કે તાત્કાલિક પંચાયત દ્વારા પાથરેલ પેવર બ્લોક ખોલી યોગ્ય ઢાળ કરી વર્ષોથી વરસાદી પાણી જ્યાં જતું હતું તે દિશામાં કાઢવામાં આવે તો તેમને આ સમસ્યા માંથી રાહત મળી શકે છે જો તાત્કાલિક આ બાબતે વહીવટી તંત્ર અને પંચાયત યોગ્ય કાર્યવાહી નહીં કરે તો ત્યાંના રહીશો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે એમની માંગણી સંતોષવા માટે આંદોલન નો માર્ગ અપનાવવો પડશે.

# ધરોઈ ડેમમાંથી પાણી ૬૬,૮૦૦ ક્યુસેક પાણી છોડાતા સાબરમતી નદીના કાંઠાના ગામો અને વિસ્તારોને સાવચેત રહેવા સૂચના

સાબરમતીમાં પાણીની સપાટી વધવાની સંભાવનાને પગલે અમદાવાદના નદી કાંઠાના વિસ્તારો તથા ધોળકા તાલુકાના સાત ગામોના નાગરિકોને નદી કિનારે નહીં જવાની સૂચના નાયબ કાર્યપાલક ઈજનેર, પૂર નિયંત્રણ કક્ષ, અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર સાબરમતી નદી ઉપર સ્થિત ધરોઈ ડેમમાં પાણીની આવકને ધ્યાનમાં લઈ પાણી છોડાઈ રહ્યું છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ ધરોઈ ડેમની નીચે વાસમાં ૬૬૮૦૦ ક્યુસેક પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવી રહેલ છે જે ક્રમશ વધીને ૧,૦૦,૦૦૦ ક્યુસેક સુધીનો પ્રવાહ થઈ શકે તેમ છે. જેથી આ અંગે અમદાવાદ શહેરના નદીકાંઠાના વિસ્તારો તથા ધોળકા તાલુકાના આંબલિયારા, ચંડીસર, જલાલપુર વજીફા, ખત્રીપુર, રાજપુર, સરોડા તથા સાથલ તેમજ ખેડા જિલ્લાના માતર તાલુકાના રસીકપુર, વારસંગ તથા ખેડા તાલુકાના નાની કલોલી, મોટી કલોલી, રઢુ, પથાપુરા, કઠવાડા અને આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના ગોલાણા જેવા ગામોમા સંભવિત અસર થવાની સંભાવના હોઈ સંબધિત ગામના નાગરિકોને સાબરમતી નદીના કાંઠે નહિ જવા તથા સાવચેત રહેવા અમદાવાદ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી એમ.સી.મકવાણાએ જણાવેલ છે.

# છાશવારે દૂધના ભાવમાં વધારો કરતી અમૂલને આંટી મારે તેવી ડેરી બનાવવા રાજુ રદીએ કમર કસી છે!!!

" ગિરધરભાઈ. તમારે ઈન્ટરનેટ- બ્રોડબેન્ડનું બિલ કેટલું આવે?" રાજુ રદીએ વોડાફોનના સેલ્સમેનની માફક પૂછયું.

" રાજુ. જેટલું બિલ આવે એટલું બિલ ભરૂં છું." મે રાજુને પઝલ જેવો જવાબ આપ્યો.

" તમે પેલા સરદારજી જેવું કર્યું !" રાજુએ ટોન્ટ માર્યો .

"કયા ,સરદારજી!" મેં સવાલ કર્યો.

" એક સરદારજી હતા. પેટ્રોલના ભાવ વધ્યા. પેટ્રોલના ભાવ વધારા માટે પ્રતિભાવ આપવા સરદારજીને કહ્યું. સરદારજી એ કહ્યું કે તબ ભી સો રૂપિયા કા પેટ્રોલ કાર મેં ડલવાતા થા, આજ ભી સો કા પેટ્રોલ ડલવાતા હૂં. મોંઘવારી કહાં બઢી હૈ!!" રાજુએ રાયતું ફેલાવ્યું.

" રાજુ આપણું પણ એવું છે." મેં રાજુને કહ્યું.

"ગિરધરભાઈ. બ્રોડબેન્ડનું અસાધારણ બિલ આવે તો શું કરો?" રાજુએ મારા માટે ટ્રેપ ગોઠવી.

" રાજુ. એમાં શું કરવાનું હોય? વાધરી માટે ભેંસ થોડી મરાય? બ્રોડબેન્ડ કનેકશન ડીસકનેકટ કરાવી નાંખવાનું." મેં કહ્યું.

" ગિરઘરભાઈ તમને પોતાનું બ્રોડબેન્ડ નેટવર્ક સર્જવાની ઈચ્છા ન થાય?" રાજુએ આકાશકુસુમવત સવાલ પૂછ્યો.

" રાજુ યહ મુંહ ઔર મસુર કી દાલ? એવી ભોડાકૂટ કોણ કરે? આવું મૂડીરોકાણ કરવાની ત્રેવડ નથી." મેં કહ્યું.

હમણા એક વકીલના ઘરના વીજ કનેકશનનું બિલ માત્ર રૂપિયા ૩૪,૧૯.૦૦.૦૦,૦૦૦ આવેલું. આવા તોતિંગ બિલથી ખસ્તા હાલત થઈ ગઈ!! પણ એમને પોતાની વીજ કંપની ખોલવાની ઈચ્છા ન થઈ. મુવા લાઈટબીલવાળા. રોયાવનું નખ્ખોદ જાય એવું કહીને સમસમી રહેલ!!

એમ તો એક મથુરાના સામાન્ય રીક્ષાવાળાને આવકવેરા ડિપાર્ટમેન્ટે ત્રણ કરોડ રૂપિયા એટલે કે ચણામમરા જેટલી રકમ ભરવા લવલેટર મોકલાવેલો. રીક્ષા ચાલક નોટિસથી લાલ લૂગડું જોઈને આખલો ભડકે તેમ ભડકી ગયેલ અને ઈક્રમટેકસ વિરુદ્ધ પોલિસ ફરિયાદ લખાવી દીધી, જેનો હજુ નિવેડો આવ્યો નથી. રીક્ષાચાલકને સમાંતર ઈક્રમટેકસ કચેરી શરૂં કરવાનો વિચાર સુધ્ધા આવ્યો નથી!!

ભારતીય હોટલ ઉધ્યોગના ભીષ્મ પિતામહ એવા ટાટાએ અંગ્રેજ શાસન સમયે મુંબઈની હોટલમાં ઈન્ડિયન એન્ડ ડોગ્ઝ આર નોટ એલાઉડ એવા સાઈનેજથી કુધ્ધ થઈને તાજ હોટલ બનાવીને અંગ્રેજોને લપડાક લગાવી હતી!!

મથુરાના તુંગનાથે ૧૯૯૯મા મથુરા છાવણી રેલવે સ્ટેશનથી મુરાદાબાદની ટિકિટ ખરીદી. ટિકિટના ૭૦ રૂપિયા આપવા કાઉન્ટર પર ૧૦૦ રૂપિયાની નોટ આપી.કાઉન્ટર પરના બાબુએ ત્રીસ રૂપિયા પાછા આપવાના બદલે માત્ર ૧૦ રૂપિયા પાછા આપ્યા.કલાર્કે વીસ રૂપિયા ધરાર ન આપી ગજવે ઘાલ્યા!! તુંગનાથે જનહિતમાં ગ્રાહક ફોરમમાં કેસ કર્યો. આ કેસની એક, બે, ત્રણ નહીં પણ ૧૨૦ સુનાવણી થઈ. અંતે તુંગનાથની તરફેણમાં ચુકાદો આવ્યો. પણ તુંગનાથને ખુદની રેલવે શરૂં કરવાનો વિચાર ન આવ્યો. જેવા રેલવેના નસીબ!! બીજું શું??

અમેરિકામાં એક જોર્ડ મંચ કરીને માથાનો ફરેલ માણસ છે. તેની ખોપરી વાઈ ફાઈની કાચબા બ્રાંડ સ્પીડથી હટેલી હતી. તેમાં તેનું વાઈફાઈનું બિલ માત્ર ૩૮.૦૦,૦૦૦( એટલે કે આડત્રીસ લાખ પૂરા) આવ્યું!!આ બિલ એક મહીનાનું છે કે એક વરસનું છે તેનો ફોડ પાડવાનાં આવેલ નથી. કંઈ કેપનીની સેવા હતી તેનું નામ પણ લખેલ નથી.તેની ખોપરી પહેલાં કરતા વધુ હટી.જોર્ડ મચ મચી પડયા. તેણે સ્ટાર્ટ અપ કે સ્વ નિર્ભર પ્રોજેકટનું નામ સાંભળ્યું ન હતું. તે સ્કીલ યુનિવર્સિટીનો પણ પાસઆઉટ ન હતો!! તેણે ખુદનું વાઈ ફાઈ નેટવર્ક બનાવવાનું અશક્ય કામ હાથ ધર્યું. કહે છે કે ચેરિટી બિગિન્સ એટ હોમ અને જેની શરૂઆત તેને અડધી સફળતા સાંપડે છે. જોર્ડ મચે સતત છ વરસની મહેનતને અંતે તેના ઘરના બગીચામાં ખુદનું વાઈફાઈ નેટવર્ક તૈયાર કર્યું. જેની સ્પીડ અગાઉના નેટવર્ક કરતાં બહેતર છે!કહે છે કે સરકાર કરોડો રૂપિયા ખર્ચીને જોર્ડ મચ વાઈફાઈ નેટવર્કનું કનેકશન લેવા તૈયાર છે. કિન્તુ, જોર્ડ મચ ટસનો મસ થાય છે કે નહીં કે અગાઉની હેરાનગતિનું કરોડો ડોલરનું વળતર લેવા ઈચ્છે છે? એ તો જોર્ડ મચ જાણે અને અમેરિકન સરકાર જાણે!!

આ બાજુ રાજુ રદી ડેરી પર ભયંકર ખફા છે. છાશવારે, દૂધવારે, પનીરવારે, ઘીવારે,ચીઝવારે દૂધના ભાવ વધારીને બીટર ટેસ્ટ ઓફ ઈન્ડિયા પૂરવાર થયેલ અમૂલને આંટી મારે તેવી ડેરી બનાવવા રાજુ રદીએ કમર કસી છે. રાજ રદી કહે છે કે ડેરી દૂધ ઉત્પાદન કરે છે કે ભાવવૃધ્ધિ? કરોડોનો નફો અને કોર્પોરેટ ધોરણે સંચાલન કરતી ડેરી દેશના ઘરઘરમાં જાણીતી છે . ડેરી શા માટે ક્રિકેટ વર્લ્ડ કપ જેવી ઈવેન્ટ અને અબજો રૂપિયાની જાહેરાતો કરે છે? જાહેરાતોનું બજેટ ઘટાડીને લોકોને તમામ પ્રોડકટ દસ રૂપિયા સસ્તી આપી શકાય!!!જો ડેરીને આની ખબર પડશે તો નજીવા કરેલા ભાવવધારાને પરત લેવો જ પડશે તેવી રાજુ રદીને શ્રધ્ધા છે.


ભરત વૈષ્ણવ
૧૮.૮.૨૦૨૨.

---

## કેટલું પીડાદાયી હોય છે!

આંગળીમાંથી,
યુવાન નખનું,
તૂટવું,
કેટલું પીડાદાયી હોય છે.
માળામાંથી,
એક પછી એક,
તણખલાનું,
છૂટવું,
કેટલું પીડાદાયી હોય છે!
ડાબી કે,
જમણી આંખની,
અકબંધ,
પાંપણોમાંથી
શમણાનું,
બટકવું,
કેટલું પીડાદાયી હોય છે.
દરિયાની જેમ,
ઘૂઘવતા,
એકલતાના અરણ્યમાં
ચમચી એકલતાના,
છોડનું ,
ઉમેરાવું,
કેટલું પીડાદાયી હોય છે.
પીજાના ઢળી,
પડેલા મિનારા જેવા ,
ખખડધજ,
બાપના ખભે,
જુવાનજોધ પુત્રનું ,
કાંધ પર,
મહાલવું ,
કેટલું પીડાદાયી છે!!
બાપના ખભા,
તોળાતા આકાશની,
જેમ ઢીલા પડે,
તે જોવું,
કેટલું પીડાદાયી છે!!
ભરત વૈષ્ણવ
૧૨.૮.૨૦૨૨.ઈ કવિતા

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG..SS No :.73
વિષય..કૃષ્ણ રાધા
શબ્દ.સ્નેહ
પ્રકાર..ગદ્ય.
શીર્ષક..પર્યાય..

રાધાએ કૃષ્ણને નિખાલસ પ્રેમ કર્યો જેમાં કોઈ માંગણી કે શરતો ન હતી

એતો કૃષ્ણમય હતી રાધાને કૃષ્ણ મારાજ બનીને રહે એવી કોઈ જીદ ન હતી એણે તો કૃષ્ણને પ્રેમ કર્યો હતો,

પ્રેમનો બીજો કોઈ પર્યાય ના હોય પ્રેમ એટલે પ્રેમ,કૃષ્ણને પણ ખબર હતી કે મારી બધી પત્ની પટરાણીઓ એ બધાના સ્નેહ કરતા રાધાનો પ્રેમ અલગ છે,રાધતો કૃષ્ણમય હતી એટલેજ તો કૃષ્ણને તેમના અંતિમ સમયમાં રાધા યાદ આવી એમણે રાધેને વિનંતી કરી કે તું આવ ત્યારે રાધાએ કીધુકે તમે મને છોડીને ગયા હતા,પણ હુતો આજેપણ તમારીજ છું ને કૃષ્ણનો આત્મા જતા પહેલા રાધાને મળે છે,આ છે પ્રેમની તાકાત આ છે સમર્પણની તાકાત એટલેજ રાધે કૃષ્ણ બોલાય છે,કોઈને પામી લેવાથી કાર્ય ત્યાં પૂરું થઈ જાય પણ કોઈના બની રહેવાથી જિંદગી ભર એના રહેવાય

જેમ રાધા અને કૃષ્ણ એકબીજાના બનનીને રહ્યા છે ત્યારે જગતમાં પૂજાય છે,કૃષ્ણેને રાધાને પામવી ન હતી એમને તો રાધાના બનનીને રહેવું હતું,એમણે એ કરીપણ બતાવ્યું,..

એ રાધામય બનીને રહ્યા અને રાધપણ કૃષ્ણ મય બનીને રહ્યા...રાધે કૃષ્ણ...

નયના પટેલ..નૈન.

---

N.O.G.SS NO.0026
વિષય - રાધા - કૃષ્ણ
વિભાગ - પદ્ય
( ગરબો)
હે...ઉડતી, ઉડતી , ઉડતી, ઉડતી
આવી એક વાત,
રાધા રિસાયા, શ્યામને થઈ પંચાત..(૨)
શ્યામ મનાવે, શ્યામ મનાવે,
વીતે પૂનમની રાત..
રાધા રિસાયા શ્યામને થઈ પંચાત...
ગોપી સૌ વિનવે ને વિનવે શામળિયો,
વિનવે ગોકુળિયું ગામ..
રાધા રિસાયા શ્યામને થઈ પંચાત..
હે...ઉડતી, ઉડતી , ઉડતી, ઉડતી
આવી એક વાત..
બંસરીના તાલે નાચે નર - નારી,
રાધે મલકાયા, ગયા રીસને વિસારી,
માની ગયા, માની ગયા, માની ગયા, માની ગયા,
રાધે રમવાને સારી રાત...
રાધેજી મનાયા , વિસારીને બધી વાત..
હે.. ઉડતી, ઉડતી, ઉડતી, ઉડતી
આવી એક વાત..
રાધેજી મનાયા , રમ્યા એ સારી રાત..
(૨)
અંજના ગાંધી ' મૌનુ'
વડોદરા
( હાલ અમેરિકા)

---

NOG SS No : 0092
પ્રકારઃ- પદ્ય
વિષયઃ- કૃષ્ણ અને રાધા
શિર્ષક :- કૃષ્ણનું ઠેકાણું
પેલી ઝુકેલી કદંબની ડાળ,
પૂછી રહી કૃષ્ણનું ઠેકાણું.
રાધા તે ક્યાંય જોયો નંદલાલ ને તો,
આપી દે એનું ઠેકાણું.
રાધા કહી રહી ડાળને,
આપું હું એનું ઠેકાણું.
માખણની મટકીમાં શોધો,
એનું મન ત્યાંજ છે રોકાણું.
ગાયોના ધણમાં જઈ ગોતો,
મળશે એના દર્શનનું નજરાણું
દરેક ગોપાલમાં દેખાશે,
રૂપ એનું છબીલું ને સોહામણું.
ગોવાલણોની મટકીમાં જોજો,
હસતો હશે એ છાનું- છાનું.
કાંકરી ચાળો કરવા આવશે,
એનું મસ્તીખોર રૂપ મજાનું.
જમુનાજીના નીરમાં જોજો,
પ્રતિબિંબ દેખાશે નાનું.
ગોપીઓના ચીર હરીને,
હરખાતું હશે એ મોટા ગજાનું.
બાંસૂરીના સૂરને પકડજો,
મંત્રમુગ્ધ કરનારાને જકડજો.
પશુ- પંખીને વૃક્ષો પણ ડોલે,
એ તાન રેલાવનાર મળે ના કોઈ મોલે.
અંતે જો એ ક્યાંય ન મળે તો,
મારી આંખલડીમાં જોજો.
હ્રદયે મારે સદાય બિરાજે,
આવીને આંખોના દરવાજે.
દર્શન એના જલ્દી કરજો,
આંખોને હૈયામાં ભરજો.
લાંબો વિયોગ ના હું સહીશ,
પાંપણના પડદાઓ ઢાળીશ.
હ્રદયે બંધ કરી દઈને જગદીશ,
સાચું સાંનિધ્ય એનું પામીશ.
રોમે-રોમે બસ એનોજ વાસ,
કૃષ્ણ રહે સદાય રાધાની પાસ.
પ્રીત કૃષ્ણની રાધા માટે ખાસ,
એ જ એનો શ્વાસ- ઉચ્છવાસ.
કણે-કણે એ વ્યાપેલ વર્તાય તોય,
રાધાની આંખોમાં સદા છબી દેખાય.
ના મળે કોઈનેય જો કૃષ્ણનું ઠેકાણું,
રાધા સમ ભાવનું ધરો નજરાણું.
ત્રિભુવનનો એ નાથ ભલેને હોય,
દોડીને આવે જો પ્રેમ રાધા સમ હોય.
-અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર..૧૮ / ૦૮ / ૨૨.

---

NOG SS. No. -- 39
વિષય- રાધા - કૃષ્ણ
પ્રકાર -- પદ્ય --અછાંદસ
શીર્ષક -- આવી જાવ માધવ
તારીખ-- ૧૮ - ૮ - ૨૨
રચના --
વાંસળી છે, મોરપીંછ છે પણ કૃષ્ણ ક્યાંય નથી!
મુગુટ પહેરી કાન બને બાળ, પણ કૃષ્ણ કોઈ નથી!
આવે જન્માષ્ટમી ને સુંદર સજાવે સહુ મંદિરો!
સજીધજીને મનાવે અધ-મધરાતે કૃષ્ણજન્મ!
શ્રી કૃષ્ણનાં નામની ધૂન મચાવીએ આખી રાત!
તોય નથી જન્મતું દેવકીનું આઠમું સંતાન!
થાય ચમત્કાર ને ક્યાંકથી આવી જાય રાધેશ્યામ!
અનિષ્ટો વચ્ચે ફંગોળાતાં માનવનું ઈષ્ટ કરશે ઘનશ્યામ!
ફેરવી સુદર્શન ચક્ર પવિત્ર કરી દેશે પ્રકૃતિનાં કણ!
ત્રસ્ત જીવ માત્રને માધવ આપી દેશે સુખનું શરણ!
આવી ગઈ જન્માષ્ટમી રાહ જુએ ભક્તગણ!
ભગવાન કૃષ્ણને જોવા તડપે છે માનવજન!
આવીને ફરી સમજાવો પાપનાં હોય કેવાં ફળ!
અણસમજુ માનવને ફરી સમજાવો કર્મનો સિદ્ધાંત!
પ્રફુલ્લા 'પ્રસન્ના'
અમદાવાદ

---

NOG SS No. --0034
વિષય : રાધા-કૃષ્ણ
પ્રકાર : પદ્ય (ગીત)
શીર્ષક -- રાધા ઘેલી રે...
ઘેલી રે...ઘેલી રે..ઘેલી રે....
તારી પ્રીતમાં થઈ રાધા ઘેલી રે..
તું મારો શ્યામ , ને હું તારી રાધા,
તો શીદને આમ તું, તડપાવે ઓ માધા,
ઉમટી છે દિલ મહીં પ્યારની હેલી રે,
તારી પ્રીતમાં થઈ રાધા ઘેલી રે.....
વાંસળી વગાડીને મોહિની લગાવે,
સારી-સારી રાત જોને નીંદરું ન આવે,
રહું તારી યાદોમાં હું તો ખોવાયેલી રે,
તારી પ્રીતમાં થઈ રાધા ઘેલી રે....
હથેળીમાં ત્રોફાવ્યું કાના તારું નામ,
ગોકુળિયાનો છોરો તું, બરસાના મારું ગામ,
સુગંધી વાયુ ખેલે, લટ સાથે અઠખેલી રે,
તારી પ્રીતમાં થઈ રાધા ઘેલી રે...
અરમાનોની મધમધ વેલીયું હૈયે ફૂટી રે,
તારાં જ નામની ગળથૂથી મેં તો પીધી રે,
સમરું તને રાત-દિન, સઘળી મરજાદ મેલી રે,
તારી પ્રીતમાં થઈ રાધા ઘેલી રે....
ઘેલી રે..ઘેલી રે..ઘેલી રે...
તારી પ્રીતમાં થઈ રાધા ઘેલી રે.

--ડૉ. રેખા શાહ..૧૮/૮/૨૦૨૨

---

NOG SS No - 0119
પ્રકાર : ગદ્ય
વિષય : જન્માષ્ટમી
શિર્ષક :
ગોકુળ આઠમ'

'ગોકુળ આઠમ'

અમારું ગામ એટલે વાટકી જેવડું વીસાવડી. ભલે વાટકી જેવડું રહ્યું પણ

'વેદોમાં વ્હાલું અમારું નાનકડું ગામ વીસાવડી,ઓલ્યા માંગણને વ્હાલા ગામના સૌ લોકો;

ભક્તિ-સત્સંગ હરિહર આશ્રમ,જ્યાં પુંજીરામબાપુ ન ધરતા મેઘલીગતનો ધોખો.

સાતમ-આઠમનાં તહેવારમાં બહેનો ઢોલના તાલે કનૈયાને રિઝવવાના અને પ્રાદેશિક લઢણથી ગવાતા ગીતોની રમઝટ બોલાય છે. આજેય અમારા ગામે શિતળા સાતમ ના સાંજના સમયે બહેનો ઢોલના તાલે રાંદલમા ને વાજતે-ગાજતે ભવ્યતાથી વિસર્જન કરવામાં આવે છે. એકતાલ અને એકસાથે સૌ સંપથી સાતમ -આઠમના તહેવારો ઉજવે છે. કોઈ બહારથી હરામ હલાલી આવી ચડે તો એનું તો આવી પણ બને...!

જન્માષ્ટમી આવે તે પહેલાં એક માસ અગાઉથી દિકરીઓ તેમની શેરી મહોલ્લામાં બેસીને રાત્રે કનૈયાના ગીતોના નાદ સંભળાવતા હોય છે. જેમાં જૂનવાણી અને પ્રાદેશિકતાનાં દર્શન થાય છે.

અહીં ની ભૂમિ એટલે અફાટ રણ પ્રદેશ એટલે કે અમારા ઝીંઝુવાડા અને ખારાઘોઢા નો વિસ્તાર એટલે મીઠાના અગરો પર નિર્ભર હોવાથી કોઈ કવિએ બનાવેલા ગીતો ગાઈને આનંદ લૂંટતા હોય છે.

દા.ત. (૧) સારા પ્રતાપ છે ઓડુ અગરના, ભવની ભાંગી ભૂખ રે ગાંગડો વ્હાલો લાગે છે....

(૨) ઝંઝવાડા ને પાદર પારસ પેપળો, ઠાકોરિયા હાલારી હેડોળે હાલર હિંચકો...

આવા તો અનેક ગીતો ગાઈને ગોકુળ આઠમની ઉજવણી કરવામાં આવે છે.

આ ઉપરાંત અમે નાના ટાબરીયા હતા ત્યારે સાતમ -આઠમના તહેવાર આવવાને ઘણી વાર હોવા છતાં રોઈને - ધમાલ કરીને પણ હિંચકા બંધાવીએ અને પછી હિંચકે હિંચવાની ખુબ મજા આવતી. કોઈક ના લિંમડે કે ગાંડા બાવળે હિંડોળા બાંધીને હિંચકા ખાવાની બવ મજા આવતી. છેક અમાસ સુધી હિંડોળા બાંધીને હિંચકા ખાતા...!

આઠમના દિવસે રાત્રે કાન-ગોપી બનાવવા તળાવે ભીની માટી લાવીને બનાવવામાં આવતા. રાત્રે ભજનભાવ થી કનૈયાના નામે ગરબીઓ ગવાતી તથા ભવાઈ વેશ પણ કરવામાં આવતો. હવે આખી રાત ભજન કીર્તન ની રમઝટ બોલાય છે . રાત્રે બાર વાગે કૃષ્ણ જન્મોત્સવ ની ધૂન બોલાય છે અને વહેલી સવારે વાગતા ઢોલે તળાવમાં પધરાવીને કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવાનો આનંદ લૂંટે છે.

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા.

# ગીતાસાર

સાંસારીક મોહના લીધે જ મનુષ્ય હું શું કરૂં અને શું ના કરૂં? આવી દુવિધામાં ફસાઈને કર્તવ્યચ્યુત થઈ જાય છે એટલે મોહ અથવા સુખની આસક્તિને વશીભુત ના થવું જોઈએ..શરીર નાશવાન છે અને તેને જાણનાર અશરીરી આત્મા અવિનાશી છે.આ વિવેકને મહત્વ આપવું અને પોતાના કર્તવ્યનું પાલન કરવું..આ બન્નેમાંથી કોઈ એક અપનાવવાથી ચિન્તા-શોક દૂર થાય છે.

નિષ?કામભાવપૂર્વક ફક્ત બીજાના હિતના માટે પોતાના કર્તવ્યનું પાલન કરવાથી જ કલ્યાણ થાય છે.. કર્મ બંધનથી છુટવાના બે ઉપાય છેઃકર્મના તત્વને જાણીને નિસ્વાર્થભાવથી કર્મ કરવું અને તત્વજ્ઞાનનો અનુભવ કરવો..મનુષ્યએ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિઓ આવવા છતાં સુખી કે દુઃખી ના થવું જોઈએ કારણ કે તેનાથી પ્રભાવિત થનાર મનુષ્ય સંસારમાં ઉંચો ઉઠી પરમ આનંદનો અનુભવ કરી શકતો નથી.

કોઈપણ સાધનથી અંતઃકરણમાં સમતા આવવી જોઈએ.સમતા આવ્યા વિના મનુષ્ય નિર્વિકલ્પ થઈ શકતો નથી..તમામ પ્રભુરૂપ છે..આવો સ્વીકાર કરવો સર્વશ્રેષ્ઠ સાધન છે..અંતકાળે જેવું ચિંતન તે અનુસાર જીવની ગતિ થાય છે એટલે શ્વાસેશ્વાસે ભગવાનનું સુમિરણ કરતાં કરતાં પોતાના કર્તવ્યકર્મોનું પાલન કરવું જોઈએ,જેથી અંતકાળે ભગવાનની સ્મૃતિ રહે.

તમામ મનુષ્ય ભગવત્પ્રાપ્તિના અધિકારી છે,પછી તે ગમે તે વર્ણ,આશ્રમ,દેશ વગેરે ના કેમ ના હોય? સંસારમાં જ્યાં પણ વિલક્ષણ વિશેષતા,સુંદરતા,મહત્તા,બલવત્તા..વગેરે જોવા મળે તેને ભગવાનનું જ રૂપ માનીને ભગવાનનું ચિન્તન કરવું જોઈએ..આ જગતને ભગવાનનું સ્વરૂપ માનીને પ્રત્યેક મનુષ્ય ભગવાનના વિરાટ સ્વરૂપનાં દર્શન કરી શકે છે.

જે ભક્ત શરીર ઈન્દ્રિયો,મન-બુધ્ધિ સહીત પોતે પોતાને ભગવાનને અર્પણ કરી દે છે તે ભગવાનને પ્રિય થાય છે..સંસારમાં એક પરમતત્વ જ જાણવા યોગ્ય છે,તેના જાણ્યા પછી અમરતાની પ્રાપ્તિ થાય છે.. સંસાર બંધનથી છુટવા માટે સત્વ,રજ અને તમ આ ત્રણ ગુણોથી અતિત થવું જરૂરી છે.અનન્યભક્તિથી મનુષ્ય આ ત્રણ ગુણોથી રહીત થઈ શકે છે..

આ સંસારનો મૂળ આધાર અને અત્યંત શ્રેષ્ઠ પરમ પુરૂષ એક પરમાત્મા જ છે..એવું માનીને અનન્યભાવથી તેમનું ભજન કરવું જોઈએ..દુર્ગુણ-દુરાચારોથી મનુષ્ય ચૌરાશી લાખ યોનિઓ તથા નરકોમાં જાય છે અને દુઃખ પામે છે એટલે જન્મ-મરણના ચક્કરમાંથી છુટવા માટે દુર્ગુણ-દુરાચારોનો ત્યાગ કરવો પરમ આવશ્યક છે.

મનુષ્ય શ્રધ્ધાપૂર્વક જે પણ શુભ કર્મ કરે છે તેને ભગવાનનું સ્મરણ કરીને જ શુભારંભ કરવો જોઈએ.. તમામ ગ્રંથોનોનો સાર વેદ છે,વેદોનો સાર ઉપનિષદ છે,ઉપનિષદોનો સાર ગીતા છે અને ગીતાનો સાર ભગવાનની શરણાગતિ છે.જે અનન્યભાવથી ભગવાનનું શરણ લે છે તેને ભગવાન તમામ પાપોમાંથી મુક્ત કરી દે છે..

વ્યર્થની ચિંતા કેમ કરો છો? કોનાથી ડરો છો? તમને કોન મારી શકે તેમ છે? આત્મા જન્મ-મરણથી રહિત છે..ભૂતકાળમાં જે કંઈ થયું સારૂં જ થયું,વર્તમાન સમયમાં જે થઈ રહ્યું છે તે સારૂં જ થઈ રહ્યું છે અને ભવિષ્યમાં જે કંઈ થશે તે સારૂં જ થશે.તમે ભૂતકાળનો પશ્ચાતાપ ના કરો,ભવિષ્યની ચિંતા ના કરો,વર્તમાન સુધારો..

તમારૂં શું ગયું છે કે તમે રડો છો? તમે જન્મ સમયે સાથે શું લઈને આવ્યા હતા કે જે તમે ગુમાવ્યું છે? તમે શું પૈદા કર્યું છે કે જેનો નાશ થયો છે.તમે જન્મ સમયે કશું લઈને આવ્યા નહોતા અને મૃત્યુના સમયે કશું સાથે લઈને જવાના નથી.જે કંઈ મળ્યું તે અહીયાં આવ્યા બાદ પ્રભુએ આપ્યું છે અને મૃત્યુના સમયે અહી જ આપીને જવાનું છે.

ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાના છીએ.જે આજે તમારૂં છે તે ગઈકાલે બીજા કોઈનું હતું અને આવતીકાલે તે બીજા કોઈનું થઈ જવાનું છે તેને પોતાનું સમજો છો તે જ તમારા દુઃખનું કારણ છે. પરીવર્તન સંસારનો નિયમ છે.તમે જેને મૃત્યુ સમજો છો તે જ જીવન છે.એક ક્ષણમાં તમે કરોડોના સ્વામી બની જાઓ છો અને બીજી ક્ષણે તમે દરિદ્ર બની જાઓ છો.

મારૂં-તારૂં,નાના-મોટા,પોતાના-પારકાની ભાવના મનમાંથી કાઢી નાખશો તો તમામ તમારા છે અને તમે તમામના છો.

આ શરીર તમારૂં નથી કે તમે શરીરના નથી.શરીર પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશથી બનેલું છે અને અંતે તેમાં જ સમાઈ જવાનું છે પરંતુ તમે નિર્ગુણ નિરાકાર અવ્યક્ત સ્થિર આત્મા જન્મ-મરણની ક્રિયાથી રહિત અલગ છો.

તમે પોતે પોતાને ભગવાનને અર્પણ કરી પ્રભુની શરણાગતિ સ્વીકારી લો કારણ કે એ જ ઉત્તમ સહારો છે અને આ સહારા(પરમાત્મા)ને જે જાણે છે તે ભય ચિંતા શોક તથા જન્મ-મરણથી મુક્ત થઈ જાય છે.તૂં જે કંઈ કરે છે તે ભગવાનને અર્પણ કરી દે,આમ કરવાથી તૂં હંમેશાંના માટે જીવનમુક્તિનો આનંદનો અનુભવ કરી શકીશ.

વિનોદભાઈ માછી
નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## NSG કમાન્ડોએ ગાંધીનગર કેન્દ્રીય વિદ્યાલય ના વિદ્યાર્થીઓ સાથે કરી 'હર ઘર તિરંગા' ઉજવણી.

- 'હર ઘર તિરંગા' અભિયાન હેઠળ નેશનલ સિક્યુરિટી ગાર્ડ (N.S.G.) દ્વારા ફ્લેગ કોડ પર ડિજિટલ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.
- દેશ માટે (N.S.G.) નું યોગદાન અને મહત્વ પણ વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું હતું.
- ત્યારબાદ વિદ્યાર્થીઓને ×હર ઘર તિરંગા× થીમ પર ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.
- કાર્યક્રમના અંતે તમામ કમાન્ડોએ વિદ્યાર્થીઓ ને ધ્વજ અને મીઠાઈનું વિતરણ કરીને આ અદ્ભુત અભિયાનની ઉજવણી કરી.
- (N.S.G.) ના મેજર દિલીપ કુમાર, વિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી કે.એમ.સોલંકી અને શિક્ષક/સામાજિક કાર્યકર શ્રી કશ્યપભાઈ ઠક્કરે સાથે મળીને આ દેશભક્તિની જ્યોત પ્રગટાવવામાં સંપૂર્ણ સહયોગ આપ્યો.




તા.૧૮-૮-૨૦૨૨ના રોજ 'અન્નપૂર્ણા રથ' રીક્ષા ભેટ આપવાનો અનોખો કાર્યક્રમ અમદાવાદ શહેરમાં આવેલી સીવીલ હોસ્પિટલ અસારવા,સોલા તેમજ મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં દર્દી અને તેના સગાને ૭૦૦ જેટલાં ટીફીન દ્વારા બપોરે દરરોજ ભોજન પહોંચાડી દર્દી સેવા એજ પ્રભુ સેવા×નું કાર્ય કરતી સંસ્થા ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટ અમદાવાદ ખાતે યોજાઈ ગયો જેમાં સંસ્થાના મે.ટ્રસ્ટી શ્રીમતિ કલાબેન વ્યાસના જન્મદિવસ નિમિત્તે યુ.એસ.એ.રહેતા તેમના ભાણેજ જિમિત ઓમપ્રકાશ વ્યાસ પરિવાર તરફથી ગાયત્રી પરિવાર દ્વારા વિધિવત પૂજા કરાવી અર્પણ કરવામાં આવી હતી સંસ્થાના ટ્રસ્ટી અને મહેસાણાના સંસદ સભ્યશ્રી શારદાબેન એ.પટેલ, ટ્રસ્ટીશ્રીઓ,સ્ટાફ પરિવાર તેમજ આમંત્રિત મહેમાનો સહિત સૌએ આનંદ-ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



પ્રહલાદ નગર વિસ્તારમાં આવેલ ઈન્દ્ર પ્રસ્થ ૫ માં આઝાદી ના પર્વે પહેલા હર ઘર ત્રિરંગા લગાવવામાં આવેલ ત્યાર બાદ ૧૫મી ઓગસ્ટ ના દિવસેસોસાયટી ના રહીશ એવા ૭૫ પ્લસ એવા સિનિયર સિટીઝન મહેતા હિમતભાઈનાહ વરદ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવેલ ત્યાર બાદ ધ્વજને સમુહમાં સલામી ને રાષ્ટ્રિય ગીત ગાવામાં આવેલ ત્યાર બાદ સોસાયટીમાં અને જાહેર માર્ગ ઉપર હાથમાં રાષ્ટ્રીય ધ્વજ સાથે વંદેમાતરમ ભારત માતાકી જય ના ગગનભેદી નાદ સાથે સમુહમાં નગર યાત્રા જાહેર રોડ ઉપર ફરેલ આના કારણે બાળકો યુવાનો વૃદ્ધો અને આમ નગર વાસિઓમા રાષ્ટ્રપ્રેમ નો જીસ્સો જોવા મળેલ હતો



વેજલપુર વિસ્તારમાં આવેલ ખીજડીયા હનુમાનજી મહારાજ ના મંદિરે શ્રાવણ માસ ની પુનમ એટલે ભુદેવો શાસ્ત્રોક્ત રીતે સત્ત ત્રણ કલાક સુધી વેદપાઠી બાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ ને મંત્રોચ્ચારથી પુજા અર્ચના કરવામાં આવે છે ત્યારબાદ નવિ જનોઈ ધારણ કરી જુની ને છેદ આપવામાં આવે છે ત્યારબાદ વડિલોને પગે લાગી આશિર્વાદ મેળવતા હોય છે

# ચાણસ્મા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલું ટાકોદી ગામ માં વરસાદી પાણી ફરી વળ્યા

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

બે દિવસથી પડતા સતત વરસાદના કારણે ચાણસ્મા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ટાકોદી ગામમાં આગળના ગામોમાંથી આવતું પાણી ફરી વળ્યું હતું મળતી માહિતી અનુસાર ગામવાસીઓના કહેવા પ્રમાણે ટાકોદી ગામથી વિજાપુરડા ગામ જવાના રોડ ઉપર કોન્ટ્રાક્ટર દ્વારા અધૂરા કામ મૂકીને પોતાના પૈસા લઈને ચાલ્યા ગયા છે પાછલા બે વર્ષથી ગામ વાળા વારંવાર રજૂઆત કરવા છતાં કોન્ટ્રાક્ટરના પેટનું પાણી હલતું નથી ગામના જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે આ રોડ મહેશગીરી ગોસ્વામી દ્વારા બનાવવામાં આવ્યો હતો તેને રોડ નુ નાળુ અધૂરુ રાખીને કામ પૂરું થયું એમ બતાવી દીધું હતું

રોડ ઉપર ડામર કર્યો હતો નહીં સુણસર થી પુષ્પાવતી નદી નું પાણી ટાકોદી ગામના ખેતરોમાં ફરી વળ્યું હતું

રણાસણ ગામ નુ તળાવ ઓવર ફ્લો થતા ટાકોદી ગામમાં પાણી ઘુસી ગયા હતા અને ગામવાળા હેરાન પરેશાન થયા હતા

ગામમાં મસ્જિદ અને મહાદેવની બાજુમાં જવાના રસ્તા ઉપર પાણીનો નિકાલ નહી હોવાના કારણે ગામવાસીઓ આ શ્રાવણ મહિનામાં મહાદેવના દર્શન કરવા જઈ શકતા નથી અને મુસ્લિમ ભાઈઓ મસ્જિદમાં નમાજ પડવા પણ જઈ શકતા નથી કાદવ કીચડ હોવાના કારણે



આ ધાર્મિક સ્થળોમાં જવાની ઘણી જ અડચણ પડે છે ગામવાસીઓના જણાવ્યા પ્રમાણે સરપંચ મહેશભાઈ ઠાકોર ખોટા વાયદા આપી ને કામ પૂરું થશે કામ પૂરું થશે એમ કહીને વાયદા એ વાત વાયરે જતી રહે છે તો ગામના સરપંચ અને તલાટીએ આ બાબતે સખત કાર્યવાહી કરીને કોન્ટ્રાક્ટર દ્વારા બાકી રહેલું અધૂરું કામ સત્વરે પૂરું કરાવે અને હજારો વીઘા ખેતી જમીનમાં પુષ્પાવતી નદી નું પાણી ફરી વળ્યું છે તેની પણ જાચ કરાવે અને ખેડૂતોને થયેલ નુકસાન સરકાર પાસેથી અપાવે એવી લોકલ માગણી ઉઠી છે

# ગુજરાતીઓના ઘરોમાં દૂધપાક ન બન્યા, ઓછી વસ્તુઓ બનાવી ચૂલો ઠારી દીધો

અમદાવાદ,તા.૧૮

શ્રાવણ એટલે તહેવારોનો મહિનો. આ મહિનામાં દરેક પરિવારોમાં ઝાકમઝોળ હોય છે. પરંતુ મોંઘવારીને કારણે ઉત્સવોની ઉજવણી ઝાંખી પડી ગઈ છે. ખાસ કરીને રાંધન છઠ્ઠના તહેવારને સૌથી વધુ મોંઘવારી નડી છે. એક સમય હતો, જ્યારે રાંધન છઠ પર ગુજરાતી પરિવારોમાં અનેક વાનગીઓ બનતી હતી. પરંતુ દૂધ-તેલ મોંઘા થતા મહિલાઓએ આ બજેટ પર કાપ મૂક્યો છે. ગૃહિણીઓએ વ્યથા ઠાલવતા કહ્યું કે, દૂધનો ભાવ એટલો વધ્યો કે આ વર્ષે અમે બાસુંદી અને દૂધપાક ન બનાવી શક્યા.

રાંધણ છઠના તહેવારનો પર્વ છે ત્યારે દરેકના ઘરે અવનવી વાનગીઓ બનાવવામાં આવે છે. જેમાં પરંપરાપગત વાનગીઓ જેમ કે, થેપલા, વડા, પુરી તો બને જ છે. સાથે નવા ટ્રેન્ડ મુજબ પાણીપુરી, દહીપુરી અને ભેળ પણ બનાવવામાં આવે છે. જો કે દૂધના ભાવમાં વધારો થવાના કારણે આ વર્ષે દૂધની વાનગીઓ પર કાપ મૂકવામાં આવ્યો છે. અથવા તો અનેક પરિવારોમાં દૂધની વાનગીઓ ઓછી બનાવાઈ છે. જેથી કહી શકાય કે, આ વર્ષે રાંધણ છઠના તહેવારને પણ મોંઘવારીનો માર પડી રહ્યો છે. આ આ વર્ષે રાંધન છઠ પર મોંઘવારીના કારણે વાનગીઓ ઓછી બનાવી છે. કેમ કે મોંઘવારીની સીધી અસર ગૃહિણીઓના રસોડા પર જોવા મળી રહી છે.

આ વિશે અમદાવાદની મહિલાઓએ કહ્યુ કે, મોંઘવારી વધી છે, દૂધના ભાવ તો પોસાય નહિ તેટલા વધ્યા છે. તેથી આ વર્ષે અમે દૂધપાક ન બનાવી શક્યા. અમે માત્ર ભગવાનને ધરાવવા પૂરતો જ દૂધપાક બનાવ્યો છે. તેમજ તેલના ભાવ પણ વધવાથી તળેલી વસ્તુઓ ઓછી બનાવી છે. બસ, હવે ગેસની પૂજા કરીને ગેસ ઠારી દીધો છે.

તો અન્ય એક મહિલાએ કહ્યું કે, પહેલા ક્યારેય આવુ જોયુ ન હતું. પણ હવે ઘરમાં કમાવનારા ઓછા છે અને મોંઘવારી વધી છે. બધી વસ્તુઓના ભાવ વધતા ગયા એટલે વસ્તુઓ બનાવવાની ઓછી કરી છે.

# શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય- ભચાઉ દ્વારા હર્ષ ઉલ્લાસ સાથે ૭૬ માં સ્વતંત્રતા દિવસની ઉજવણી "આઝાદી કા અમૃત" મહોત્સવ અંતર્ગત કરવામાં આવી

તારીખઃ- ૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય- ભચાઉ દ્વારા ૭૬ માં સ્વતંત્રતા દિવસ "આઝાદી કા અમૃત"મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ સવારે ૯:૦૦ વાગ્યે શરુ થયો હતો, જેમાં મુખ્ય અતિથી શ્રી કુલદીપસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા દ્વારા ધ્વજવંદન અને રાષ્ટ્રગાન કરવામાં આવ્યું, તથા સંસ્થાની પરમશાંતિ ઈંગ્લીશ સ્કુલ અને નવજીવન સ્કુલના બાળકો દ્વારા દેશભક્તિના કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા અને દેશભક્તિના રંગમાં રંગી નાખ્યા હતા. સંસ્થાનાસ્થાપક સંચાલક શ્રી જીતેન્દ્રભાઈ જોષી દ્વારા બાળકોને સ્વતંત્રતા દિવસનો મહત્વ સમજવામાં આવ્યો અને દેશ માટે વિશેષ યોગદાન આપવા અને શિક્ષિત બની રાષ્ટ્રસેવા કરવા શીખ આપી હતી. કાર્યક્રમમાં ડો. ધર્મેન્દ્રભાઈ પરમાર સાહેબ, જયાબેન છેડા,એડવોકેટ શ્રી ધનસુખભાઈ જોગી, વિરજીભાઈ દાફડા, પેથાભાઈ રાઠોડ, દેવજીભાઈ પરમાર, જયેશભાઈ પરમાર અને નવીનભાઈ ફાટક વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સાથે આ દિવસે દિવ્યાંગજનને ઈલેક્ટ્રિક મોટોરાઈઝડ ટ્રાયસિકલ જયેશભાઈ પરમારના આર્થિક સહયોગથી આપવામાં આવી.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી વિશાલભાઈ જોષી, અલ્કાબેન પરમાર, અમરતભાઈ કટારીયા, સાજણભાઈ રબારી, જ્યોત્સનાબેન રબારી, હાર્દિકભાઈ પરમાર તથા સંસ્થાના તમામ કર્મચારીઓ એ પૂર્ણ મહેનતથી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ચાણસ્મા ખાતે માની મમતાને ઉજાગર કરતા કપિરાજ નો ફોટો કેમેરામાં કેદ થવા પામ્યો હતો



અત્યારે ચાલી રહેલી ચોમાસાની ઋતુમાં છેલ્લા બે દિવસ ભારે વરસાદનું વાતાવરણ રહ્યું હતું ત્યારે આજરોજ ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે ત્યારે એક કપિરાજ પોતાની પુત્ર સમાન બચ્ચાને પોતાના ગોદમાં લઈ ચાણસ્મા સિવિલ કોર્ટના ગેટ પર બેસી રહેલું હોવાના ફોટા સમાચાર મેં આજે ન્યુઝ ના કેમેરામાં કેદ થયા હતા આમ મા તે મા બીજા વગડાના વા તે ઉક્તિ સાર્થક બની હતી

# CEDA અંતર્ગત ઉદ્યોગસાહસિકતાના સામાજિકજાગૃતતા કાર્યક્રમનાવિષય પર ૧ દિવસનાકાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૪૦દિવ્યાંગજનોએ ભાગ લીધો હતો

તારીખઃ- ૧૦/૦૮/૨૦૨૨ના રોજ નખત્રાણા મુકામે દિવ્યાંગજનો માટે સામાજિક જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. છેવાડાના વિસ્તાર એવા નખત્રાણા તાલુકાના દિવ્યાંગ ભાઈ-બહેનોને, સરકારની રોજગારી અને સ્વરોજગારી માટેની વિવિધ યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યારે દિવ્યાંગજનો દ્વારા પ્રતિઉત્તર મળેલ કે તેઓ સંપૂર્ણ શિક્ષિત નહિ હોવાના કારણે આજના કોમ્પ્યુટર યુગમાં યોજનાઓનો લાભ મેળવી શકતાં નથી.

જેના કારણે સંસ્થા દ્વારા યોજાયેલ તાલીમ કાર્યક્રમ દિવ્યાંગજનો માટે આશીર્વાદ રૂપ સાબિત થશે. સાથે શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા યોજનાઓનો લાભ અપાવવા માટે મદદરૂપ થવા સચોટ માર્ગદર્શન સાથે વિશ્વાસ વ્યક્ત કરાયો હતો.

જેમાં મુખ્ય અતિથિ તરીકે તાલુકા પંચાયતના અધ્યક્ષશ્રી જયસુખભાઈ પટેલ, ભાજપ તાલુકા પ્રમુખ દિલીપભાઈ પટેલ, મહામંત્રી હરિસિંહ રાઠોડ, પાટીદાર મુરબ્બીશ્રી લાલજીભાઈ રામાણી, ચંદનસિંહ રાઠોડ, જીતેન્દ્રસિંહ જાડેજા, વિશાલભાઈ જોષી શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રયના ડીરેક્ટર,અથ શ્રીઃ ઘનશ્યામભાઈ ગરવા (ટ્રસ્ટી), શ્રી દિવ્યાંગ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતસિંહ સોઢા, યોગેશભાઈ ગરવા, શંકરભાઈ કુંવટ, નરશીભાઈ ગરવા, હિરેનભાઈ વ્યાસ, અમૃતભાઈ કટારિયા, ઉદ્યોગસાહસિક ક્ષેત્રે અનુભવી કિરણભાઈ પટેલ સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં આ સફળતમ આયોજન કરાયું હતું. અને દિવ્યાંગોનું માર્ગદર્શન પૂરું પાડેલ. દિવ્યાંગજનોએ આ કાર્યક્રમને સહર્ષ વધાવ્યો હતો તેમજ સમસ્ત ટ્રસ્ટીગણ-મિત્રો એ વ્યવસ્થા સંભાળીને આ રોજગારલક્ષી સેમિનારને સફળ ને પરિણામલક્ષી બનાવેલ.

# આપે ચૂંટણીના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી

ગાંધીનગર,તા.૧૮

આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં મિશન ૨૦૨૨ નું બ્યુગલ ફૂંકી દીધું છે. વિધાનસભાની ચૂંટણીને હજી વાર છે, ત્યારે તે પહેલા જ આમ આદમી પાર્ટી એક્ટિવ થઈ રહી છે. એક તરફ આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં નિયમિત આપીને ચૂંટણીનો માહોલ જાળવી રહ્યાં છે. ત્યારે આપ પાર્ટીએ આજે વિધાનસભાની બેઠકો પર પોતાના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આપ પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને ગુજરાતની ૯ બેઠક પર ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

- રાજુ કરપડા - ચોટીલા
- પિયુષ પરમાર - જૂનાગઢના માંગરોળ
- કરસનભાઈ કરમૂર - જામનગર
- નીમીષા ખૂંટ - ગોંડલ
- પ્રકાશભાઈ કોન્ટ્રાકટર - સુરતની ચોર્યાસી બેઠક
- વિક્રમ સૌરાણી - વાંકાનેર
- ભરતભાઈ વાખલા - દેવગઢબારીયા
- જેજે મેવાડા - અસારવા
- વિપુલભાઈ સખીયા - ધોરાજી

કેજરીવાલની ગુજરાતમાં સતત મુલાકાત બાદ આપ દ્વારા ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. ચૂંટણીને હજી ઘણી વાર છે, ત્યારે આપની આ સ્ટ્રેટેજીથી ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસને ઝટકો સમાન છે. સાથે જ બંનેની ચૂંટણી રણનીતિ પર પણ મોટી અસર પડી રહી છે.

આપ પાર્ટી હાલ ગુજરાતમાં એડીચોટીનુ જોર લગાવી રહી છે. તે એક પણ મોકો છોડવા માંગતી નથી.

# ચાણસ્મા નાગરિક બેંકની ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં જ પૂર્વ પ્રમુખે ચૂંટણી નિષ્પક્ષ થાય તે માટે બાંયો ચઢાવી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા નાગરિક બેંકની મુખ્ય શાખા ચાણસ્મા હોવા છતા પણ હાલના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા ચૂંટણીની પ્રક્રિયા અમદાવાદની નાગરિક બેંકની પેટા શાખા નારણપુરા ખાતે થી ચુંટણી પકિયા કરવા નુ અયોગ્ય છે યોગીન પટેલ પૂર્વ ચેરમેન નાગરિક બેંક ચાણસ્મા

નજીકના સમયમાં ચાણસ્મા નાગરિક બેંકની ચૂંટણી આવી રહી છે અને જે અંગે નુ અઢાર મી ઓગસ્ટના સંદેશ માં જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ચાણસ્મા શહેરમાં સહકારી ક્ષેત્રના આગેવાનોએ ચહલપહલ શરૂ કરી છે ચાણસ્મા નાગરીક બેંકના હાલના બોર્ડ ઑફ ડિરેક્ટર નો સમયગાળો પૂર્ણ થતાં નવા બોર્ડ ઓફ ડિરેકટરની ચૂંટણી અંગેની પ્રક્રિયા હાથ ધરાતાં જેનું જાહેરનામું પણ પ્રસિધ્ધ થયેલ છે જેની જાણ ચાણસ્મા નાગરિક બેંકના પૂર્વ ચેરમેન યોગીનભાઈ પટેલ અને તેમના ટેકેદારોને થતા તેમણે ચૂંટણીપ્રક્રિયા ચાણસ્માની મુખ્ય શાખાથી થાય તેવી માંગ સાથે ચાણસ્મા નાગરિક બેંક સાથે આવી પહોંચ્યા હતા અને મેનેજરને મળવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ચાણસ્મા નાગરિક બેંકના મેનેજર




એમડી ચૂંટણી અધિકારી મળી શક્યું ન હતું અને છેવટે નાગરિક બેંકના પૂર્વ ચેરમેન આ ચૂંટણીમાં ગેરરીતિ ન થાય અને ચૂંટણીની તમામ પ્રક્રિયા નાગરિક બેંકની મુખ્ય શાખા થી જ થાય તેવી રજુઆત કરવા માટે પાટણ જીલ્લા રજીસ્ટારને લેખિત રજુઆત કરવા માટે તેમના ટેકેદારો સાથે પહોંચી ગયાં હતાં

ચાણસ્મા નાગરિક બેંકના પૂર્વ ચેરમેન યોગીન પટેલ શું કહે છે

ચાણસ્મા નાગરિક બેંકના પૂર્વ ચેરમેન યોગીનભાઈ પટેલે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ચાણસ્મા નાગરિક બેંકની ચૂંટણી અંગેની પ્રસિદ્ધિ સંદેશ દૈનિક પેપરમાં જોવા મળતા અને અમોને મળતી માહિતી મુજબ ચૂંટણીની પ્રક્રિયા ચાણસ્મા નાગરિક બેંકની મુખ્ય શાખા ચાણસ્મા ખાતે આવેલી છે જયાંથી નહીં કરવાનું નક્કી કરીને નાગરિક બેંક ચાણસ્મા ની પેટા શાખા અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલ છે ત્યાંથી ચૂંટણી પ્રક્રિયા કરવાનું નક્કી કરાતા તેનો અમે વિરોધ કરીએ છીએ ચાણસ્મા ખાતે આવેલી નાગરિકી બેંકની શાખા છપ્પન વર્ષ જૂની શાખા છે અત્યાર સુધી જે કોઈ નાગરિક બેંકની ચૂંટણી સહિતની કાર્યપદ્ધતિ થઈ છે કે મુખ્ય કાર્યાલય ચાણસ્મા ખાતેથી કરવામા આવી છે આ સમાન નાગરિક ચૂંટણી નિષ્પક્ષ થાય તે માટે જિલ્લા રજિસ્ટ્રારને રજૂઆત કરવા માટે જવાના છીએ યોગીનભાઈ પટેલે વધુમાં જણાવ્યુ હતુ કે સત્તર તારીખે બેંકના જનમેનેજરે જે મારા ઉપર ઉગ્ર બોલાચાલીનો આરોપ મુક્યો છે કે બિલ્કુલ તદ્દન ખોટો છે હું અને મારા ધર્મપત્ની અમારા બેંકના ફિક્સ્ડ ડિપોઝિટના કામઅર્થે ગયાં હતાં તે દરમ્યાન બેંકની ચુંટણી અંગેની પૃચ્છા કરી હતી અને તે સમયે ચૂંટણી અધિકારી પણ ઉપસ્થિત થાય મને ખોટો બદનામ કરવાનું બેંકના મેનેજર સહિત કેટલાંક વિરોધીઓનું કાવતરું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું

નાગરિક બેંકના હાલના મેનેજર શું કહે છે

માણસમાં નાગરિક બેંકના હાલના જનરલ મેનેજર કિરણ કુમાર જોષીએ મિડિયાને લેખીત રજુઆત કરતાં જણાવ્યું હતું ફક્ત પંદર મી ઓગસ્ટે હું મારી કેબીનમાં હતો તે સમયે બેંકના પૂર્વ ચેરમેન યોગીનભાઈ પટેલે મને ઊંચા અવાજે બોલાચાલી કરીને કેમ ચૂંટણી કાર્યક્રમ જાહેર કરતા નથી તેવી ઉગ્ર રજુઆત કરેલ જેના કારણે મને બીપી વધી જતાં હું બેંક છોડીને મારા ફૅમિલી ડૉક્ટરને બતાવવા માટે નીકળી ગયો હતો વધુમાં તેમણે લેખિત રજુઆતમાં જણાવ્યું છે કે બેંકની ચૂંટણી નિષ્પક્ષ થાય તે માટે મહેસાણા પાટણ અમદાવાદ અને ચાણસ્મા ખાતે નાગરિક બેંક ચાણસ્માની જે શાખાઓ આવી છે ત્યાંથી મતદાનપ્રક્રિયા હાથ ધરાશેનાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટરના સર્વસંમતિથી ચૂંટણી અધિકારી તરીકે જીતેન્દ્રભાઈ પટેલની નિમણૂક પણ કરાઈ છે તેમ તેમણે જણાવ્યું હતું

# વડગામના તેનીવાડામાં અવિરત વરસાદથી મકાન થયું ધરાશાયી, એક યુવતીનું મોત



વહેલી સવારે મકાન ધરાશાયી થતાં બે બહેનો દટાઈ. એકનુ મોત એકની હાલત ગંભીર.મેઘરાજા ગુજરાતમાં તાંડવ મચાવી રહ્યો છે . ઠેર ઠેર ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેના પગલે ક્યાંક બ્રિજ ઢળી રહ્યા છે તો ક્યાંક પીલર નમી ગયા છે તો કેટલાક ગામમાં મકાન ધરાશાયી થવાની ઘટના પ્રકાશમાં આવી રહી છે. ત્યારે વડગામ તાલુકાના તેનીવાડા ગામે ગત વહેલી સવારે મકાન ધરાશાયી થતાં બે યુવતીઓ દટાઈ જતાં એક યુવતીનું મોત થયું છે. જ્યારે ૧ ગંભીર છે. ઘાયલ યુવતીને ધારપુર હોસ્પિટલમા સારવાર અર્થે ખસેડવામાં આવી છે. વડગામ પંથકમા ભારે વરસાદને પગલે મકાન ધરાશાઈ થયું છે. મકાનમા રહેલા અન્ય ૪ લોકોનો આબાદ બચાવ થયો છે. બનાસકાંઠામાં વરસાદથી નુકશાન થયું છે.આ ઘટનાને લઈ મદદ અર્થે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.જ્યારે ડીસાના સોયલા ગામમાં ભારે વરસાદની તબાહીએ એક મહીલાનો ભોગ લિધો હતો. સોયલામાં ભારે વરસાદના કારણે તળાવ ઓવરફ્લો થતાં સ્થળાંતર કરતી વેળાએ મહિલા પાણીમાં ડૂબીહતી.ગઈકાલે ડૂબી ગયેલી મહિલાની શોધખોળ હાથ ધરી છે. એનડીઆરએફની ટીમ અને સ્થાનિક તંત્રએ શોધખોળ હાથ ધરી છે. ભારે વરસાદના કારણે ગામમાં નીચાણવાળા ઘરોમાં પાણી ઘૂસી જતા બનાવ બન્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.